# અમદાવાદ મુળગામી વણકર સમાજ, અમદાવાદ

## બંધારણની પ્રગતિનાં સોપાનનો અહેવાલ :

અમદાવાદ મુળગામી વણકર સમાજના નામે સને ૧૯૩૬ માં સ્વ. શ્રી કેશવજી રણછોડજી વાઘેલાએ સમાજની બંધારણની રૂપરેખા તૈયાર કરી હતી. સમાજનો વહીવટ ચલાવવા માટે તેના સિધ્ધાંતો અને તેના સ્વરૂપની ઓળખ આપવા માટે નિયમો સાથે સમાજનાં જુદા જુદા અંગો કામ કરે તેવી દષ્ટિ સામે રાખીને સને ૧૯૩૮ માં સમાજના પ્રથમ બંધારણની રચના કરી હતી અને તેઓ સમાજના પ્રથમ પ્રમુખ બન્યા હતાં. આપણાં સમાજે પોતાનું પ્રથમ બંધારણ તૈયાર કરી તેને પ્રસિધ્ધ કર્યુ હતું. મજુર મહાજન સંઘના સ્થાપકો સ્વ. શ્રી શંકરલાલ બેંકર સાહેબ અને સ્વ. સુશ્રી અનસુયાબેન આપણાં બંધારણના વખાણ કરી અન્ય જ્ઞાતિઓને આપણાં બંધારણને અનુસરવાનો અનુરોધ કર્યો હતો. આપણું બંધારણ હંમેશા વિકાસશીલ અને ગતિશીલ રહ્યું છે અને અવારનવાર તેમાં નવીનતા ઉમેરાતી જાય છે. આપણો સમાજ સુધારાઓને વરેલો હોઇ તેની સમક્ષ અનેક નવા નવા વિચારો સાથે સુધારાના સુચનો સમાજને મળતાં રહ્યા છે અને તેના આધારે સમય અને સંજોગોને અનુસરીને સને ૧૯૩૮ થી આજદિન સુધી સમાજના બંધારણમાં અનેક નવા સુધારા કરવામાં આવ્યા છે.

માજી પ્રમુખશ્રી સ્વ. શંકરલાલ પુરસોત્તમ મકવાણાની રાહબરી હેઠળ બંધારણની બીજી સુધારા - વધારા સાથેની આવૃતિ સને ૧૯૪૯ માં બહાર પાડવામાં આવી હતી બીજી આવૃતિમાં પણ અનેક સુધારા - વધારા કરવાની જરૂરીયાત ઊભી થતાં સમાજની સામાન્ય સભાએ બંધારણ સમિતિની રચના કરી અને સદર બંધારણ સમિતિએ સમાજનાં સભ્યોનાં સુચનો મેળવીને તારીખ ૧૮-૧૨-૧૯૬૬ ની સામાન્ય સભાએ મંજુરી આપતાં તે તારીખથી નવા સુધારાઓનો અમલ ચાલુ કરવામાં આવ્યો હતો. આ ત્રીજી આવૃતિ માહે ફેબ્રુઆરી ૧૯૬૭ ના રોજ બહાર પાડવામાં આવી હતી. આ ત્રીજી આવૃતિના બંધારણમાં માજી પ્રમુખ સ્વ. શ્રી શંકરલાલ મકવાણા, સ્વ. શ્રી ત્રિકમલાલ પરમાર અને સ્વ. શ્રી રામજીભાઇ હીરાભાઇ પરમારે તેઓનું અમુલ્ય યોગદાન આપેલ છે.

સને ૧૯૭૩ માં સમાજના માજી પ્રમુખ સ્વ. શ્રી કાલીદાસ રણછોડભાઇ મકવાણાનાં સમયે સીમંત પ્રથાને બંધ કરવાની ભલામણ કરી હતી. બંધારણ સુધારાની ચોથી આવૃતિ તા. ૦૯-૦૭-૧૯૮૯ ના રોજ બહાર પાડવામાં આવી હતી. સદર બંધારણ સમિતિમાં સમાજના શ્રી મોહનલાલ ગબડદાસ પરમાર તેમજ સ્વ. શ્રી રામજીભાઇ જેઠાભાઇ સોલંકી સામેલ હતા અને તેઓએ બંધારણ સુધારામાં યોગદાન આપ્યુ હતું.

ત્યારબાદ સમાજના બંધારણમાં સુધારાની જરૂરિયાત ઊભી થતાં સ્વ. શ્રી સુંદરલાલ કાનજીભાઇ મકવાણાના અધ્યક્ષ સ્થાને પાંચમી બંધારણ સમિતિની રચના કરવામાં આવી હતી અને આ સમિતિ દ્વારા સુચવવામાં આવેલ સુધારાઓને તારીખ ૨૭-૦૬-૧૯૯૯ ની સામાન્ય સભાએ મંજુર કરતાં સદર સુધારાઓ બહાર પાડવામાં આવ્યા અને આ સુધારામાં સીમંત પ્રથા જે રીતે ૧૯૮૧ ના સુધારામાં બંધ કરવામાં આવી હતી તે પ્રથા સમાજના સભ્યોની લાગણીને માન આપીને સીમંત પ્રથાને પુનઃ ચાલુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સુધારાઓ સમાજના માજી પ્રમુખ સ્વ. શ્રી રામજીભાઇ લવજીભાઇ સોલંકીના પ્રમુખપદ નીચે બહાર પાડવામાં આવ્યા હતાં.

સમાજના ભાઇઓની સાથે બહેનો પણ સમાજના વિકાસમાં ભાગીદાર બને તે માટે સમાજે તા. ૨૬-૧૦-૨૦૦૯ માં પહેલી વખત બહેનોને પણ સમાજની ન્યાય સમિતિમાં હોદ્દા આપવાનો ઠરાવ સમાજના પ્રમુખ શ્રી ભવાનભાઇ એન. પરમારના પ્રમુખ સ્થાને કરવામાં આવ્યો હતો અને છેલ્લા કેટલાક વખતથી સમાજનાં વિકાસ માટે બહેનો પણ પોતાનો યથા શકિત સમાજના કાર્યક્રમોમાં ભાગ લે છે. આવો સુધારો કરનાર આપણો સમાજ ગુજરાતમાં પ્રથમ છે.

ત્યારબાદ તારીખ ૧૯-૦૨-૨૦૧૨ ના રોજ મળેલ સામાન્ય સભાએ જ્ઞાતિનું નામ જે અમદાવાદ મુળગામી વણકર જ્ઞાતિ પંચ હતું તેને બદલીને અમદાવાદ મુળગામી વણકર સમાજ કરવામાં આવ્યું. બંધારણ સુધારાની છઠ્ઠી આવૃતિ તા. ૦૧-૦૪-૨૦૧૨ ના રોજ બહાર પાડવામાં આવી હતી. તારીખ ૧૪-૦૮-૨૦૧૬ના રોજ મળેલ સામાન્ય સભામાં મંજુર કરવામાં આવેલ સુધારાઓની સાતમી આવૃતી તારીખ ૨૫-૧૦-૨૦૧૬ના રોજ બહાર પાડવામાં આવી હતી.

સમાજની તારીખ ૧૪-૦૮-૨૦૧૬ ના રોજ શ્રી ભવાનભાઇ એન. પરમારના પ્રમુખપદ નીચે મળેલ સામાન્ય સભામાં વર્ષો જુની તથા વર્તમાન સમયમાં બીન ઉપયોગી કલમો / નિયમોમાં બહુમતીથી ફેરફાર / સુધારા કરીને આપણાં બંધારણની સુધારેલી સાતમી આવૃતિ તારીખ ૨૫-૧૦-૨૦૧૬ ના રોજ સમાજના સામાન્ય મંત્રી શ્રી નટવરલાલ મંગળદાસ સુતરીયા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવી હતી . બંધારણની સુધારેલી આઠમી આવૃતિ તારીખ ૧૨-૧૨-૨૦૧૭ના રોજ બહાર પાડવામાં આવેલ જેને તૈયાર કરવામાં ડો. ગૌરાંગ કે. પરમારે (Ph.D.) સેવાગ્રામ સોસાયટી, ઉસ્માનપુરા નિશુલ્ક સહકાર આપેલ છે. તે બદલ સમાજ તેમનો આભાર માને છે.

સમાજનો મહત્વનો બીજો સુધારો શહેરની ગામવસ્તીમાંથી બહાર નીકળીને સોસાયટીઓમાં અને ફલેટોમાં રહેતા મોટા સમુદાયને સમાજની કારોબારીમાં સ્થાન આપીને તેઓને સમાજના કાર્યોમાં સહભાગી કરવામાં આવ્યા છે હાલના બંધારણમાં ગામવસ્તીના દશ ઘર દીઠ એક સભ્યને કારોબારીમાં સભ્ય બનાવવાના નિયમને બદલીને જે ગામ અકબંધ છે તેવા ગામ વસ્તીના સભ્યોની સંખ્યા નકકી કરવામાં આવેલ છે અને સોસાયટીઓ તથા ફલેટોના મોટા સમુદાયના વોર્ડ બનાવીને તેઓની કારોબારીની સંખ્યા પણ નકકી કરવામાં આવેલ છે. આમ ગામવસ્તીના ૧૫ અને ફલેટો સોસાયટીઓના ૩૫ એમ કુલ ૫૦ અને અનુભવી તથા પ્રતિષ્ઠિત એવી દશ વ્યકિતઓને કારોબારીના સભ્ય તરીકે પ્રમુખશ્રી નોમીનેટ કરે તેની સાથે સમાજના કારોબારીના સભ્યોની સંખ્યા ૬૦ કરવામાં આવી છે.

શ્રી ભવાનભાઇના પ્રમુખ સ્થાને સમાજની વિધવા, ત્યકતા, છુટાછેડા થયેલ બહેનો ફરી લગ્ન કરી શકે તે માટેનો પુનઃ બંધારણમાં ઐતિહાસિક સુધારો કરવામાં અવ્યો છે. વિધવા ત્યકતા બહેનોને પુનઃ લગ્ન ન કરે તો પણ ચુડીચાંલ્લો કરવાની છૂટ આપવામાં આવેલ છે. આ સુધારો સમાજની બહેનોની ઉન્નતિ અને તેઓનું માન સન્માન જળવાઇ રહે તે માટે કરવામાં આવ્યો છે. સમાજની બહેનોને આવું સન્માન બીજા કોઇપણ પરગણાં કે સમાજે આજદિન સુધી આપેલ નથી. આ માટેની પહેલ કરનાર આપણો સમાજ પ્રથમ અને એકમાત્ર છે. સમાજનું આ પગલું સમાજની વિકાસની કેડીમાં એક કલગી સમાન છે.

સને ૨૦૦૨ થી સમાજના સભ્યોના બાળકોના શૈક્ષણિક બાબતો અંગે ધ્યાન આપીને, સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે એવોર્ડ વિતરણ કરવામાં આવે છે. સમાજના વિદ્યાર્થીઓને દર વર્ષે રાહત દરે ચોપડાઓનું વિતરણ કરવામાં આવે છે. સમાજના બાળકો રમતગમત ક્ષેત્રે સ્પર્ધાત્મક રમતોમાં ભાગ લઇને, સમાજનું નામ રોશન કરે તે માટે રમતગમતની સ્પર્ધાઓ રાખી તેઓને એવોર્ડથી નવાજવામાં આવે છે. સમાજના યુવકો અને યુવતિઓ માટે પસંદગી મેળા તથા સમુહ લગ્ન કરવાનું પણ આયોજન કરવામાં આવે છે. સમાજના સ્વાસ્થ્યની ચકાસણી માટે મેડીકલ કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આમ સમાજની સર્વાંગી વિકાસ માટે સમાજ તરફથી અનેક વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે જેનો સમાજના સભ્યો દ્વારા લાભ લઇને ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કર્યા છે.

| | | | |
|---|---|---|---|
| રમણલાલ એન. ડોડિયા | પ્રમુખ | કિશોરચંદ્ર આર. ડાભી | ઉપ પ્રમુખ |
| કૌશિકભાઇ એચ. પરમાર | નાણાં મંત્રી | નટવરલાલ એમ. સુતરીયા | સામાન્ય મંત્રી |
| દર્શનભાઇ એસ. શાહ | કેળવણી મંત્રી | વર્ષેશ એમ. પરમાર | સહ સામાન્ય મંત્રી |
| અરવિંદભાઇ એમ. મકવાણા | સહ સામાન્ય મંત્રી | ભુપેન્દ્રભાઇ પી. મકવાણા | સહ નાણાં મંત્રી |
| ચંદ્રકાંત એચ. પરમાર | સહ સામાન્ય મંત્રી | | |
| | તથા સમાજના કારોબારી સભ્યો | | |

# અમદાવાદ  મુળગામી વણકર સમાજ, અમદાવાદ
## વર્ષ ૨૦૧૮-૨૦૨૦ ના હોદ્દેદારોની યાદી

| ક્રમાંક નંબર | નામ | હોદ્દો | સરનામુ | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | રમણલાલ નારણદાસ ડોડિયા | પ્રમુખ | શરદ સોસા., રાણીપ | ૯૮૨૫૪ ૫૯૬૭૩ |
| ૨ | કિશોરચંદ્ર આર. ડાભી | ઉપ પ્રમુખ | ચાંદખેડા | ૯૧૩૭૪ ૩૭૧૦૦ |
| ૩ | નટવરલાલ એમ. સુતરીયા | સામાન્ય મંત્રી | મધુરમ ફ્લોરા, ચાંદખેડા | ૭૯૯૦૮ ૮૮૨૫૯<br>૯૪૨૭૪ ૦૧૭૧૬ |
| ૪ | કૌશિકભાઇ એચ. પરમાર | નાણાં મંત્રી | અનીક એપા., વસ્ત્રાપુર | ૯૮૨૫૮ ૪૪૮૨૮ |
| ૫ | દર્શનભાઇ એસ. શાહ | કેળવણી મંત્રી | ગાંધી સ્મૃતિ, ગાંધી આશ્રમ | ૯૪૨૭૫ ૨૬૬૬૭ |
| ૬ | વર્ષેશ એમ. પરમાર | સહ સામાન્ય મંત્રી | મનોકામના, ઇશનપુર | ૯૯૨૪૫ ૦૫૮૫૧ |
| ૭ | અરવિંદભાઇ એમ. મકવાણા | સહ સામાન્ય મંત્રી | નવાવાડજ ગામ | ૯૩૨૭૬ ૯૮૯૩૮ |
| ૮ | ભુપેન્દ્રભાઇ પી. મકવાણા | સહ નાણા મંત્રી | ચંદ્રનગર, જુનાવાડજ | ૮૧૪૧૪ ૫૩૫૫૯ |
| ૯ | ચંદ્રકાંત એચ. પરમાર | સહ કેળવણી મંત્રી | શીવશકિત, નવાવાડજ | ૯૬૬૨૨ ૮૦૨૦૩ |

# અમદાવાદ મુળગામી વણકર સમાજ, અમદાવાદ
## કારોબારી સભ્યોની યાદી - વર્ષ ૨૦૧૮-૨૦૨૦

| ક્રમાંક નંબર | કારોબારીના સભ્યોનું નામ | મહોલ્લા / ગામનું નામ | મોબાઇલ નંબર |
|---|---|---|---|
| ૧ | ધીરૂભાઇ ડાહ્યાભાઇ મકવાણા | વણકરવાસ, નવાવાડજ | ૯૯૦૪૮૭૮૦૭૭ |
| ૨ | પ્રકાશકુમાર ગણપતભાઇ રાઠોડ | સરસપુર - આનંદ ચોક<br>( રાઠોડ કુટુંબ ) | ૯૭૨૭૧૭૪૨૩૦<br>૯૭૩૭૯૨૭૭૮૩ |
| ૩ | સતીષભાઇ મોહનભાઇ પરમાર | સરસપુર - આનંદ ચોક<br>( પરમાર-મકવાણા કુટુંબ ) | ૯૭૨૫૧૭૧૩૧૮<br>૮૨૦૦૬૮૦૯૦૨ |
| ૪ | શૈલેષ ( સચિન ) કાંતિલાલ મકવાણા | રાજપુર - મોટોવાસ | ૯૬૩૮૯૮૯૬૪૪ |
| ૫ | મહેશકુમાર નટવરલાલ ચૌહાણ | રાજપુર - નાનોવાસ | ૯૩૭૫૮૫૩૯૦૦ |
| ૬ | પ્રહલાદભાઇ ડાહ્યાભાઇ મકવાણા | ખશીપુરા - મકવાણા કુટુંબ | ૯૪૦૮૭૯૩૧૩૩ |
| ૭ | વિજયકુમાર દલપતભાઇ પરમાર | ખશીપુરા - પરમાર-ચૌહાણ કુટુંબ | ૯૦૯૯૬૨૯૭૪૯ |
| ૮ | ધીરૂભાઇ મુળચંદભાઇ પરમાર | ફદાલીવાસ | ૯૯૨૪૪૦૦૧૫૩ |
| ૯ | આનંદ મુળચંદભાઇ પરીખ | રૂસ્તમઅલીનો ઢાળ | ૭૬૯૮૨૧૧૪૭૦ |
| ૧૦ | નિલેષ એમ. પરમાર | ભરડીયાવાસ - ખાનપુર | - |
| ૧૧ | પુરસોત્તમભાઇ કાનજીભાઇ પરમાર | મીરાસીવાડ - ખાનપુર | ૮૭૮૦૮૧૨૩૧૩<br>૭૩૫૯૪૯૧૩૭૬ |
| ૧૨ | સંગમ રવિકાંત સુમરા | શાંહજહાંન  સ્ટ્રીટ | ૯૯૨૪૪૭૨૩૧૧ |
| ૧૩ | જયેશભાઇ લક્ષ્મણભાઇ પરમાર | દરિયાપુર-રૂપાપરી | ૯૯૨૪૩૧૪૫૦૧ |
| ૧૪ | પ્રદિપભાઇ લવજીભાઇ કેસરીયા | પાલડી ગામ | ૯૭૨૭૫૮૫૯૮૦ |
| ૧૫ | નટવરલાલ અંબાલાલ સોલંકી | વાસણા ગામ | ૯૪૨૭૦૬૦૭૪૪<br>૯૪૦૯૨૦૩૦૭૦ |

## અમદાવાદ મુળગામી વણકર સમાજ, અમદાવાદ

## કારોબારી સભ્યોની યાદી - વર્ષ ૨૦૧૮-૨૦૨૦

| ક્રમાંક નંબર | કારોબારીના સભ્યોનું નામ | વોર્ડનું નામ | વોર્ડ નંબર | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | રાજેન્દ્ર રામજીભાઇ પરમાર | રાણીપ-બંધુનગર ફ્લેટ | ૧ | ૯૯૯૮૪૦૮૦૨૧ |
| ૨ | શ્યામભાઇ રામજીભાઇ પરમાર | રાણીપ-પાર્થ સોસાયટી | ૨ | ૯૩૨૭૭૨૦૧૧૯ |
| ૩ | રાકેશ અંબાલાલ મકવાણા | રાણીપ-રંગ દર્શન | ૨ | ૯૫૫૮૬૮૩૭૯૧ |
| ૪ | શૈલેષભાઇ પાનાચંદ ડાભી | રાણીપ-જુની ગાંધીસાગર | ૩ | ૯૯૭૮૪૪૭૦૫૦ |
| ૫ | કિશોરભાઇ નારણભાઇ અમીન | રાણીપ-કામધેનુ સોસાયટી | ૪ | ૯૨૭૪૫૦૩૨૪૮ |
| ૬ | શશીકાંત હીરાલાલ સુતરીયા | નવાવાડજ -રાજ રેસીડન્સી | ૫ | ૯૪૨૬૩૬૯૮૮૬ |
| ૭ | ધીરૂભાઇ મગનભાઇ પરમાર | નવાવાડજ-રંગદર્શન ફ્લેટ | ૫ | ૯૪૨૬૫૯૩૪૬૫ |
| ૮ | દિનેશભાઇ જેઠાલાલ રાઠોડ | નવાવાડજ-ચાંદલોડીયા | ૬ | ૯૪૦૯૨૭૮૮૭૨ |
| | | | | ૯૯૦૪૪૪૦૫૮૩ |
| ૯ | અનિલભાઇ નરસિંહભાઇ પરમાર | નવાવાડજ-સ્વાગત ફ્લેટ | ૭ | ૯૭૨૩૭૫૯૪૫૫ |
| | | | | ૦૭૯૨૭૬૪૬૭૭૫ |
| ૧૦ | અમૃતલાલ કાલિદાસ પરમાર | નવાવાડજ-ભીમજીપુરા | ૭ | ૯૪૨૮૩૩૧૩૨૪ |
| ૧૧ | રમણલાલ શિવરામભાઇ વૈશ્ય | ગાંધી આશ્રમ-કસ્તુરબા સોસા | ૮ | ૯૭૨૨૦૩૩૦૨૮ |
| ૧૨ | રમણલાલ જીવણલાલ પરમાર | ઉસ્માનપુરા | ૯ | ૭૮૭૪૧૦૫૨૯૦ |
| ૧૩ | વિજયચંદ્ર મંગળદાસ પરમાર | જુનાવાડજ-ચંદ્રનગર | ૧૦ | ૯૭૨૩૩૪૧૨૭૨ |
| ૧૪ | કૃણાલ ભુપેન્દ્રભાઇ મકવાણા | જુનાવાડજ-ચંદ્રનગર | ૧૦ | ૯૭૨૪૨૨૭૫૩૧ |
| ૧૫ | રમેશભાઇ કે. મકવાણા | કર્મચારીનગર( નારણપુરા ) | ૧૧ | ૯૪૨૯૬૦૨૪૮૪ |
| | | | | ૦૭૯૨૭૪૯૬૫૮૪ |
| ૧૬ | દિલીપકુમાર કેશવલાલ રાઠોડ | જોધપુર-સેટેલાઇટ | ૧૨ | ૯૮૯૮૦૧૧૮૯૮ |
| ૧૭ | બળદેવભાઇ ડાહ્યાભાઇ સોલંકી | પાલડી થી વાસણા-સોમેશ્વર | ૧૩ | ૯૭૨૪૩૫૦૪૫૭ |
| ૧૮ | ધીરજલાલ મફતલાલા પરમાર | જીવરાજ પાર્ક-દીવાદાંડી | ૧૪ | ૯૪૨૯૬૧૧૧૨૧ |
| | | | | ૦૭૯૨૬૬૩૨૫૨૬ |
| ૧૯ | પ્રમોદચંદ્ર જે. શાહ | જીવરાજ પાક-આવિષ્કાર સોસા. | ૧૪ | ૯૪૨૬૫૯૨૦૭૫ |
| ૨૦ | મુકેશ બાબુભાઇ રાઠોડ | વેજલપુર | ૧૫ | ૯૩૭૬૮૮૩૫૬૪ |
| ૨૧ | બીપીનભાઇ અનુભાઇ જાદવ | શાંતિનાથ, વેજલપુર | ૧૫ | ૭૩૮૩૧૦૩૯૧૦ |
| ૨૨ | શૈલેષભાઇ પ્રભુદાસ ડોડિયા | ઇસનપુર | ૧૬ | ૮૪૬૯૩૮૮૮૫૮ |
| ૨૩ | પંકજ અમૃતલાલ પરમાર | દાણીલીમડા | ૧૭ | ૯૮૨૪૭૨૩૬૫૪ |
| ૨૪ | હીરાલાલ ભગવાનદાસ મકવાણા | બહેરામપુરા-કાંકરીયા | ૧૮ | ૯૮૨૫૦૬૮૨૧૩ |
| ૨૫ | વિજયકુમાર મગનલાલ પરમાર | રાયખડ | ૧૯ | ૯૪૨૯૨૧૦૪૫૨ |
| ૨૬ | અશોકભાઇ ઇશ્વરદાસ વાઘેલા | શાહપુર-સુતરીયા સોસાયટી | ૨૦ | ૯૯૨૪૦૮૧૨૦૨ |
| ૨૭ | નવનિતભાઇ હીરાભાઇ રાઠોડ | સરસપુર-સ્વસ્તીક બંગલો | ૨૧ | ૯૮૨૪૪૨૨૯૨૬ |
| ૨૮ | દિલીપકુમાર કેશવલાલ સોલંકી | સરસપુર-રખીયાલ | ૨૨ | ૯૯૯૮૩૨૨૧૪૨ |
| | ( ચીકા ભગત ) | | | ૯૧૦૪૦૦૪૦૨૫ |
| ૨૯ | રાજેશભાઇ કાળીદાસ મકવાણા | સી. ટી. એમ. ૪૯,ઇશાનંદ સોસા. | ૨૩ | ૯૭૨૭૦૮૬૦૮૭ |
| ૩૦ | નરસિંહભાઇ મગનભાઇ વાઘેલા | સાબરમતી-પાર્વતીનગર | ૨૪ | ૮૧૪૦૮૪૩૩૬૦ |
| ૩૧ | જયંતિલાલ અંબાલાલ પરમાર | સાબરમતી-૨૧, મનમોહન સોસા. | ૨૪ | ૯૪૨૭૦૭૧૬૦૮ |
| ૩૨ | બિપિનભાઇ હરગોવિંદભાઇ પરમાર | શાહીબાગ-મેઘાણીનગર | ૨૫ | ૯૭૨૩૭૫૯૫૧૧ |
| ૩૩ | સંજયકુમાર સોમાભાઇ પરમાર | બાપુનગર | ૨૬ | ૯૭૨૩૫૨૮૦૫૭ |
| ૩૪ | અમિત લક્ષ્મીકાંતભાઇ પરમાર | ગાંધીનગર | ૨૭ | ૯૯૭૮૨૬૮૧૫૨ |
| ૩૫ | નટવરલાલ રામજીભાઇ પરમાર | ગાંધીનગર-સે.૩ એ. ન્યુ | ૨૭ | ૯૨૬૫૦૨૨૯૨૩ |
| | | | | ૯૪૨૭૦૧૮૦૯૪ |

# અમદાવાદ  મુળગામી વણકર સમાજ, અમદાવાદ

## વર્ષ ૨૦૧૮-૨૦૨૦ ના કો - ઓપ્ટ કરેલ કારોબારી સભ્યોની યાદી

| ક્રમાંક નંબર | કો-ઓપ્ટ કરેલ કારોબારી સભ્યનું નામ | સરનામુ | મોબાઇલ નંબર |
|---|---|---|---|
| ૧ | ચૌહાણ દિનેશચંદ્ર ગોવિંદલાલ | ૨,ત્રીવેણી પાર્ક સોસા. ગજાનંદ પાર્કની બાજુમાં, વટવા | ૯૯૨૪૫૯૮૬૩૨<br>૮૪૮૭૯૧૬૧૯૮ |
| ૨ | પુરસોત્તમ ભાણાભાઇ પરમાર | આદર્શ કામદાર સોસા., ચાંદલોડીયા | ૯૪૦૯૧૭૨૦૧૩<br>૯૪૦૮૨૨૮૯૬૬ |
| ૩ | સુર્યકાંત મગનલાલ મકવાણા | રાજપુર મોટોવાસ | ૯૬૨૪૪૧૯૦૧૬<br>૯૮૨૫૦૮૩૫૦૪ |
| ૪ | પ્રશાંતભાઇ મણીલાલ રાઠોડ | આનંદ ચોક, સરસપુર | ૯૯૨૫૦૨૧૪૪૧<br>૯૮૯૮૦૫૪૦૪૫ |
| ૫ | સંજયભાઇ રમેશભાઇ પરમાર | બી-૩,શ્રી બંધુનગર ફ્લેટ, રાણીપ | ૮૪૮૭૯૪૪૧૮૭<br>૮૯૮૦૬૧૮૦૨૪ |
| ૬ | બાબુભાઇ ગંગારામ પરમાર | સી-૫, શીવાલય, વેજલપુર | - |
| ૭ | નિતિનભાઇ દિપકકુમાર સુતરીયા | શ્વેતા, રાણીપ | ૯૪૨૭૮૦૨૫૦૪ |
| ૮ | આનંદ ગોવિંદભાઇ મેકવાન | ૧, રંગદર્શન સોસાયટી, રાણીપ | ૯૯૯૮૭૩૮૬૪૮ |
| ૯ | રાજગુરૂ આનંદ જયંતીલાલ | એસ બી આઇ સ્ટાફ સોસા. જીવરાજ પાર્ક | ૮૧૬૦૨૨૫૦૬૪ |
| ૧૦ | મહેન્દ્ર રામજીભાઇ પરમાર | કસ્તુરબા સોસા. ગાંધી આશ્રમ | ૯૩૨૮૧૧૭૯૭૬ |

# અમદાવાદ  મુળગામી વણકર જ્ઞાતિ પંચ,
## ટ્રસ્ટ રજી, નંબર - એ- ૨૫૩૧
## અમદાવાદ
## વર્ષ ૨૦૧૯-૨૦૨૧ ના હોદ્દેદારોની યાદી

| ક્રમાંક નંબર | નામ | સરનામુ | હોદ્દો | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | લલિતકુમાર જે. સોલંકી | નારણપુરા | પ્રમુખ | ૯૪૨૬૦ ૬૩૫૭૪ |
| ૨ | ધીરૂભાઇ એમ. પરમાર | નવાવાડજ | ઉપ પ્રમુખ | ૯૪૨૬૫ ૯૩૪૬૫ |
| ૩ | કૌશિકભાઇ એચ. પરમાર | વસ્ત્રાપુર | નાણા મંત્રી | ૯૮૨૫૮ ૪૪૮૨૮ |
| ૪ | વર્ષેશકુમાર એમ, પરમાર | મનોકામના | સામાન્ય મંત્રી | ૯૯૨૪૫ ૦૫૮૫૧ |
| ૫ | રમણલાલ એન. ડોડિયા | રાણીપ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૮૨૫૪ ૫૯૬૭૩ |
| ૬ | નટવરલાલ એમ. સુતરીયા | ચાંદખેડા | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૭૯૯૦૮ ૮૮૨૫૯<br>૯૪૨૭૪ ૦૧૭૧૬ |
| ૭ | રમણલાલ જે. પરમાર | સેવાગ્રામ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૭૮૭૪૧ ૦૫૨૯૦ |
| ૮ | કિશોરચંદ્ર આર. ડાભી | ચાંદખેડા | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૧૩૭૪ ૩૭૧૦૦ |
| ૯ | પ્રશાંતભાઇ એમ. રાઠોડ | સરસપુર | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૯૨૫૦ ૨૧૪૪૧ |
| ૧૦ | શશીકાંત એચ. સુતરીયા | નવાવાડજ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૪૨૬૩ ૬૯૮૮૬ |
| ૧૧ | નિતીન ડી. સુતરીયા | રાણીપ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૪૨૭૮ ૦૨૫૦૪ |
| ૧૨ | અનિલભાઇ એન. પરમાર | સ્વાગત | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૮૮૪૯૮ ૯૯૪૩૯ |
| ૧૩ | દર્શન એસ.  શાહ | ગાંધી આશ્રમ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૪૨૭૫ ૨૬૬૬૭ |
| ૧૪ | અમિત એલ. પાટીલ | ગાંધીનગર | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૯૭૮૨ ૬૮૧૫૨ |
| ૧૫ | ભુપેન્દ્ર પી. મકવાણા | જુના વાડજ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૮૧૪૧૪ ૫૩૫૫૯ |
| ૧૬ | ચંદ્રકાંત એચ. પરમાર | નવાવાડજ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૬૬૨૨ ૮૦૨૦૩ |
| ૧૭ | અરવિંદભાઇ એમ. મકવાણા | નવાવાડજ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૩૨૭૬ ૯૮૯૩૮ |
| ૧૮ | ધીરજલાલ એમ. પરમાર | દીવાદાંડી | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૭૨૭૭ ૬૧૭૩૪ |
| ૧૯ | દિલિપકુમાર કે સોલંકી | રખીયાલ | વ્યવસ્થાપક  સમિતી સભ્ય | ૯૯૯૮૩ ૨૨૧૪૨ |
| | | કો - ઓપ્ટ વ્યવસ્થાપક  સમિતી સભ્યો | | |
| ૨૦ | પુરસોત્તમભાઇ બી. પરમાર | ચાંદલોડીયા | | ૯૪૦૮૨ ૨૮૯૯૬ |
| ૨૧ | પ્રદિપકુમાર એલ. કેસરીયા | પાલડી ગામ | | ૯૭૨૭૫ ૮૫૯૮૦ |
| ૨૨ | મુકેશ બી. રાઠોડ | વેજલપુર | | ૯૩૭૬૮ ૮૩૫૬૪ |

# અમદાવાદ મુળગામી વણકર સમાજ
## અમદાવાદ

સુજ્ઞ સમાજના સભ્યોશ્રી,

આપણા સમાજના ૩૬ પરગણા - મહોલ્લાઓના મણકા વેરવિખેર થઇ ગયા છે ને મહોલ્લાઓમાં વસતા આપણા મોટાભાગના સભ્યો રાણીપ, જીવરાજ પાર્ક, વેજલપુર, નવાવાડજ અને ચાંદખેડા જેવા વિકસીત વિસ્તરોમાં સ્થાયી થયા છે અને જેના કારણે આપણાં સમાજની સામાજિક રીતે ઘણી જ પ્રગતિ થયેલ છે અને બીજા સમાજ / ગોળ કરતાં આપણા સમાજ સામાજિક સુધારાઓમાં અગ્રેસર રહ્યો છે અને સમયની ગતિ સાથે સામાજીક રીતે સુધારાઓમાં તાલ મેળવવા માટે સમય અને સંજોગો અનુસાર આપણે સુધારાઓ કરતા આવ્યા છે અને તારીખ ૨૬-૧૦-૨૦૦૫, તારીખ ૧૯-૧૦-૨૦૦૮ , તારીખ ૨૦-૧૨-૨૦૦૯, તારીખ ૧૯-૦૨-૨૦૧૨, તારીખ ૧૪-૦૮-૨૦૧૬ તારીખ ૧૯-૧૦-૨૦૦૯, તારીખ ૨૦-૧૨-૨૦૦૯, તારીખ ૧૯-૦૨-૨૦૧૨ અને તારીખ ૧૪-૦૮-૨૦૧૬ ની સામાન્ય સભામાં સામાજિક વ્યવહાર તથા ધારાધોરણોમાં સર્વાનુંમતે સુધારાઓ કરવામાં આવેલ છે.

બંધારણની કલમોની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.

૧. સમાજનું નામ : અમદાવાદ મુળગામી વણકર સમાજ

૨. હિસાબી વર્ષ : સમાજના હિસાબો અને વહીવટી કાર્યો માટેનું નાણાંકીય વર્ષ ૧લી એપ્રિલથી ૩૧ માર્ચ સુધીનું રહેશે.

૩. સમાજના સભ્યો :

અ. સમાજના ગામ વસ્તી પંચમાં બેઠેલા તથા જે સભ્યો ગામ વસ્તીપંચમાંથી બહાર નીકળીને સોસાયટીઓ તથા ફ્લેટોમાં રહે છે એવા ૧૮ વર્ષ કે તેથી ઉપરના પુખ્તવયના ભાઇઓ બહેનો અમદાવાદ મુળગામી વણકર સમાજના સભ્યો ગણાશે.

બ. આ સભ્યોના વારસદારો તેઓના જન્મથી જ આ સમાજના સભ્યો ગણાશે. પરંતુ તેઓ પુખ્તવયના એટલે કે ૧૮ વર્ષના થાય પછીજ સમાજના વહીવટી કાર્યમાં ભાગ લઇ શકશે તેમજ આવા સભ્યોએ સમાજને કોઇપણ જાતની દાખલ ફી આપવાની રહેશે નહીં.

૪. સમાજમાં નવા સભ્ય બનાવવા માટે :

૪.૧ જે સમાજમાંથી આપણા સમાજની બહેન, દીકરી કે વિધવા બહેન આપણાં સમાજમાં બેસવા માંગતી હોય તો તેમને સમાજમાં દાખલ કરવા.

૪.૨ અન્ય કોઇ વણકર સમાજના પરગણામાંથી તેઓ આપણાં સમાજમાં આવવા માંગતા હોય તે સમાજનુ ના - વાધા પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૪.૩ મુળગામી વણકર સમાજના નવા સભ્ય થવા માટેની ફી રૂપિયા ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) રહેશે.

૪.૪ મુળગામી વણકર સમાજના નિયમો, ધારાધોરણોનું પાલન કરવાનો બાંહેધરી પત્ર આપવાનો રહેશે. મુળગામી વણકર સમાજમાં દાખલ થયા પછી તેઓ તેમના સમાજનાં નિયમો પણ સાથે સાથે ચાલુ રાખશે તેવું ધ્યાનમાં આવશે તો તેઓનું સભ્યપદ નોટીસ આપી આપોઆપ રદ કરવામાં આવશે.

૫. સમાજની સભાની મંજુરી સિવાય કોઇપણ સભ્ય સમાજમાંથી છુટા થઇ શકશે નહીં. સમાજમાં જે સભ્ય છુટા થવા માંગતા હોય તેઓએ સમાજના બંધારણનો ભંગ કર્યો હશે અગર સમાજની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગે તેવું વર્તન કર્યુ હશે તો સમાજ તેને યોગ્ય શિક્ષા કરશે. આવા છુટા થનાર સભ્યનો કે વારસોની કોઇપણ માલ મિલકત ઉપર કોઇપણ પ્રકારનો હકક હિસ્સો રહેશે નહીં.

૬. સમાજનાં બંધારણ, ધારાધોરણો અને નિયમોનું અક્ષરશઃ પાલન કરવાની તમામ સમાજના સભ્યોની પવિત્ર ફરજ છે. સમાજે નકકી કરેલ રીત રિવાજોનો સંપૂર્ણ અમલ કરવા દરેક સમાજના સભ્ય વ્યક્તિગત રીતે બંધાયેલો છે. તેમ છતાં જે સભ્યોની હાજરીમાં આ બંધારણ ઠરાવો કે નિયમોનો ભંગ અંગેનો ગુન્હો બન્યો હશે અને તે સમાજને નહીં જણાવે તો તે સભ્યો તથા જે ગામવસ્તી વોર્ડમાં ગુન્હો બન્યો હશે તે સમાજને નહીં જણાવે તો તે સભ્યો તથા જે ગામવસ્તી વોર્ડમાં ગુન્હો બન્યો હશે તેઓ સમાજને નહીં જણાવે તો તે સભ્યો આ ગુન્હા બદલ જવાબદાર ગણાશે.

૭. ગામ વસ્તીપંચ તથા વોર્ડના સભ્યોના અંદરોઅંદરના પ્રશ્નોના નિરાકરણ સમયે, સામાજિક પ્રસંગે, સમાજના દરેક કામકાજ વખતે અથવા સમાજની સભાઓમાં દરેક સમાજના સભ્યો સભ્યતાપુર્વક, વિવેકથી, પક્ષપાતરહિત વર્તવા બંધાયેલ છે. આવા કોઇપણ પ્રસંગમાં ગેરવર્તણુંક કરનાર કે નિયમોનો ભંગ કરનાર દોષિત સભ્યને સમાજ યોગ્ય શિક્ષા કરી શકશે.

૮ સમાજમાં કોઇપણ એક જ ગામવસ્તી પંચ દ્વારા તેમના ગામવસ્તી પંચના સભ્યો અગર એક જ કુટુંબના સભ્યો અગર સગાસંબંધીઓ દ્વારા એકત્રિત થઇ તેમની જૂથબંધી દ્વારા સમાજ પાસે કોઇ પણ નિર્ણય કરાવવા દબાણ કરી શકશે નહીં. આવા સમુહ દ્વારા સમાજની કોઇપણ સભાનું કોરમ દર્શાવી અગર બહુમતીની સંખ્યા દર્શાવી તેઓ કોઇપણ કાર્યવાહી કે નિર્ણય લેશે તો તે રદબાતલ ગણાશે તેમજ સમાજને આવા એકતરફી અને દબાણવશ કરવામાં આવેલ નિર્ણય કે ઠરાવ સમાજને બંધનકર્તા રહેશે નહીં.

૯. સમાજના કોઇપણ સભ્યો બીજાઓના ગુન્હા દબાવવામાં સીધી યા આડકતરી રીતે મદદ કરશે અથવા પક્ષપાત કરશે તો તેમને સમાજ યોગ્ય શિક્ષા કરી શકશે.

૧૦. સમાજના કોઇપણ સભ્યો સમાજના કોઇપણ સામાજિક વ્યવહારના કાર્ય બદલ સમાજે બંધારણમાં નક્કી કરેલ રકમથી વધારે કે કોઇપણ પ્રકારના નામથી સીધી યા આડકતરી રીતે વધારે રકમ લઇ શકશે નહીં કે માગી શકશે નહીં. આ ગુન્હાના ભંગ બદલ વધારાની લીધેલ રકમ ઉપરાંત રૂપિયા ૫૦૧/- (અંકે રૂપિયા પાંચસો એક પુરા) સુધી સમાજ દંડ વસુલ કરી શકશે.

૧૧. સમાજની તમામ સભાઓમાં પ્રમુખશ્રીની રજા લઇને બોલવું પડશે. સભામાં પ્રમુખશ્રીનું અપમાન કરનારને પ્રમુખશ્રી સભા બહાર કાઢી શકશે અને યોગ્ય શિક્ષા કરી શકશે.

૧૨. સમાજના અંગો :

૧૨.૧ દરેક ગામવસ્તી / વોર્ડ વસ્તીનાં ઘરદીઠ એક સભ્ય પ્રમાણેનું વસ્તીપંચ બનશે.

૧૨.૨ વસ્તીપંચ ગામવસ્તી / વોર્ડ વસ્તીનું વહીવટી કામકાજ તથા ગામ / વોર્ડમાં ઉપસ્થિત થતાં દરેક ઝઘડાઓનું શાંતિપુર્વક વ્યાજબી સમાધાન કરશે અને સમાજની પ્રતિષ્ઠા જાળવવા યોગ્ય પગલાં લેશે.

૧૨.૩ ગામ વસ્તીપંચ તથા વોર્ડના તમામ સભ્યો બંધારણ - ધારાધોરણો - ઠરાવો તથા નિયમોનું પાલન તથા તેનો અમલ કરે તેની બધી જવાબદારી ગામ વસ્તીપંચ અને વોર્ડના પંચની રહેશે.

૧૨.૪ ગામ વસ્તીપંચ તથા વોર્ડના સભ્યોએ સારા - નરસાં પ્રસંગે સભ્યને ત્યાં કોઇપણ જાતની રોકટોક વગર જવું પડશે. જો કોઇ સમયે ગામ વસ્તી અને વોર્ડનો કોઇપણ ગુન્હો કર્યો હોય તો તે અંગે વસ્તીપંચે / વોર્ડ પંચે કરેલ નિર્ણયનો અમલ સમાજની સામાન્ય સભાની મંજુરી મેળવ્યા સિવાય કરી શકશે નહીં.

૧૨.૫ વસ્તીપંચ / વોર્ડ પંચ તેના કોઇપણ સભ્યને સમાજની સામાન્ય સભાની મંજુરી લીધા સિવાય વસ્તીપંચ / વોર્ડ પંચની બહાર મુકી શકશે નહીં. આવા કાર્ય માટે સમાજને પુરતી વિગતોની લેખિત જાણ કરી મંજુરી લેવી પડશે.

૧૩. સમાજની કારોબારી સમિતિ :

અમદાવાદ મુળગામી વણકર સમાજના પ્રમાણીત ગામવસ્તીના એક સભ્ય પ્રમાણે ૧૫ સભ્યો તેમજ જુદી જુદી સોસાયટીઓ / ફ્લેટોનાં જે તે વિભાગ પ્રમાણે બનેલ વોર્ડના ૩૫ સભ્યો એમ કુલ મળી ૫૦ સભ્યોની કારોબારી બનશે. આ સભ્યોમાંથી હાલમાં જે મહોલ્લા હયાત છે તેમાંથી જે તે મહોલ્લાની વસ્તી એક કારોબીરીના સભ્યની નિમણુંક કરીને સમાજને મોકલી આપશે તે જ પ્રમાણે સોસાયટીઓ / ફ્લેટોના જે તે વિસ્તારના વોર્ડમાંથી નક્કી કરેલ સંખ્યા પ્રમાણે કારોબારી સભ્ય નિયુક્ત કરી સમાજને મોકલી આપશે.

| ક્રમાંક | મહોલ્લાનું નામ | કારોબારીના સભ્યોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવાવાડજ | ૧ |
| ૨ | સરસપુર (રાઠોડ) | ૧ |
| ૩ | સરસપુર ( પરમાર તથા મકવાણા) | ૧ |
| ૪ | રાજપુર મોટોવાસ | ૧ |
| ૫ | રાજપુર નાનો વાસ | ૧ |
| ૬ | ખશીપુરા (મકવાણા) | ૧ |

| | | |
|---|---|---|
| ૭ | ખશીપુરા ( પરમાર તથા ચૌહાણ) | ૧ |
| ૮ | ફદાલીવાસ | ૧ |
| ૯ | રૂસ્તમઅલીનો ઢાળ, નવતાડ | ૧ |
| ૧૦ | ભરડિયા વાસ, બ્રાહ્મણી વાસ | ૧ |
| ૧૧ | મીરાસીવાડ | ૧ |
| ૧૨ | શાહજહાંન સ્ટ્રીટ | ૧ |
| ૧૩ | દરીયાપુર, રૂપાપરી, કુટી મસ્જીદ, કોઠીનો વાસ | ૧ |
| ૧૪ | પાલડી | ૧ |
| ૧૫ | વાસણા | ૧ |
| | મહોલ્લાના કારોબારીના કુલ સભ્યોની સંખ્યા...... | ૧૫ |

ચૂંટણી પુરી થયા પછી સમાજ તરફથી કારોબારીના સભ્યોના નામ મંગાવવામાં આવે ત્યારે પરિપત્ર મળ્યેથી એક માસમાં કારોબારી સભ્યોના નામ મહોલ્લા / વોર્ડમાંથી નક્કી કરી સમાજને મોકલી આપવામાં નહીં આવે તો નવી ચૂંટાયેલી પાંખના હોદ્દેદારો તેઓની મિટીંગમાં જે તે વિસ્તારના મહોલ્લા / વોર્ડ માટેના કારોબારી સભ્યોની નિમણુંક કરી શકશે.

૨. સોસાયટીઓ ફ્લેટોના વોર્ડદીઠ કારોબારી સભ્યોની સંખ્યા :

| વોર્ડ નંબર | વોર્ડનું નામ | વોર્ડમાં આવેલ સોસાયટી તથા ફ્લેટના નામ | સભ્ય સંખ્યા |
|---|---|---|---|
| ૧ | રાણીપ | (૧) શરદ સોસાયટી (૨) શ્રી બંધુનગર સોસા. (૩) સુણતર સોસા. (૪) શાંતિનિકેતન સોસાયટી | ૧ |
| ૨ | રાણીપ | (૧) રંગદર્શન સોસા. (૨) ન્યુ તિરૂપતિ સોસા. (૩) મુકસેવક સોસા. (૪) પવનપુત્ર સોસાયટી (૫) પાર્થ સોસાયટી (૬) કસ્તુરબા સોસાયટી (૭) ગાયત્રી કુંજ સોસાયટી (૮) ભવાની સોસાયટી (૯) ઉપાસના સોસા. | ૨ |
| ૩ | રાણીપ | (૧) ઇશાવાસ્ય સોસાયટી (૨) જોગેશ્વરી સોસા. (૩) કિર્તન ફ્લેટ/સોસા. (૪)શ્વેતા ડુપ્લેક્ષ (૫) ગંગાસોના ફ્લેટ (૬)શિવેષ ફ્લેટ (૭) જુની ગાંધીસાગર સોસાયટી (૮) ફોટોલીથો પ્રેસ (૯) લક્ષ્મીકૃપા ટેનામેન્ટ | ૧ |
| ૪ | રાણીપ | (૧) પ્રગતિ ફ્લેટ (૨) રાધાકૃષ્ણ (૩) શુભમ એપા.(૪)ધનલક્ષ્મી સોસા. (૫) તુલસીધામ રો હાઉસ (૬) તુલસીધામ ટેના. (૭) રૂદ્રપ્રયાગ ફ્લેટ (૮) કામધેનુ સોસા. (૯) ગાયત્રી ફ્લેટ (૧૦) પુજા એપા. | ૧ |
| ૫ | રાણીપ | (૧) કલ્પતરૂ એપા. (૨) રાજ રેસીડેન્સી (૩) સ્વામીનારાયણ ફ્લેટ (૪) શ્રી રંગ એપા. (૫) અભિષેક એપાર્ટમેન્ટ | ૨ |
| ૬ | નવા વાડજ | (૧) ચાંદલોડીયા (૨) અખબાર નગર (૩) શિવશકિત એપા. (૪) રાધાકૃષ્ણ એપા. (૫) શ્રીનાથ એપા. (૬) ચંદ્રભાગા એપા. (૭) આકાશદીપ એપા. (૮) કલ્પતરૂ સોસા. (ભાવસાર) (૯) હરિઓમ એપા. (૧૦) આનદંનગર એપા. | ૧ |
| ૭ | નવા વાડજ | (૧) શિવશકિત નગર (૨) અભિલાષા એપા. (૩) સ્વાગત એપા. (૪) શ્રેય એપા. (૫) વિશ્રામ પાર્ક (૬) ગગનવિહાર (૭)રાજગીરી એપા. (૮) હુડકો ફ્લેટ (૯) કિરણ પાર્ક | ૨ |
| ૮ | ગાંધી આશ્રમ | (૧) કસ્તુરબા સોસા. (૨) સુર્યનગર સોસા. (૩) જીવનપ્રભા સોસા. (૪) બાપુસ્મૃતિ સોસા. (૫) ગાંધી આશ્રમ (૬) રિઝર્વ બેંક ક્વાટર્સ (૭) મનમોહન સોસા. | ૧ |
| ૯ | ઉસ્માનપુરા | (૧) હુડકો ફ્લેટ (૨) સિદ્ધિ ફ્લેટ(૩)આલાપ સોસા. (૪) વિનોબા સોસા. (૫) સેવાગ્રામ સોસા. | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | જુના વાડજ | (૧) ન્યુ ચંદ્રનગર સોસા. (૨) વિસંજ એપા. (૩) હંસ એપા.<br>(૪) સોના દર્શન(૫) સાબરનગર (૬) વોલ્ગા ફ્લેટ (૭) ઉદયનગર<br>(૮) મેહુલ પાર્ક (૯) સુપથ ફ્લેટ (૧૦) સિદ્ધિવિનાયક ફ્લેટ | ૨ |
| ૧૧ | કર્મચારી નગર | (૧) કર્મચારી નગર (૨) શાસ્ત્રીનગર (૩) ગાયત્રી નગર<br>(૪) કસ્ટમ કવાટર્સ (૫) દર્શન એપા. (૬) ગોકુલ એપા. (૭) નિર્ણય નગર<br>(૮) પારસ નગર(૯) ચાંદની એપા. (૧૦) ઉદય એપા. (૧૧) મંગલ મુર્તિ એપા.<br>(૧૨) પત્રકાર કોલોની (૧૩) સેન્ટ્રલ ગર્વ. ફ્લેટ (૧૪) યુનિ. કવાટર્સ<br>(૧૫) પ્રતિક્ષા એપા. | ૧ |
| ૧૨ | જોધપુર / સેટેલાઇટ | (૧) પાર્થ એપા. (૨) શિવરંજની પાસે (૩) પી એન્ડ ટી કોલોની<br>(૪) લાડ સોસાયટી | ૧ |
| ૧૩ | પાલડી થી<br>વાસણા | (૧) આશીર્વાદ ફ્લેટ (૨) હેમંતકુંજ સોસા. (૩) સોમેશ્વર વાસણા<br>(૪) વીરાટ સોસા. (૫) ગોદાવરી ફ્લેટ (૬) ઉદય એપા. (૭) જય અંબે<br>નગર (૮) ભાવના ટેના. (૯) પ્રાપ્તિ એપા. (૧૦) અલ્કાપુરી એપા.<br>(૧૧) નીલકમલ સોસા. (૧૨) જય અંબે સોસા. | ૧ |
| ૧૪ | જીવરાજ પાર્ક | (૧) દીવાદાંડી સોસા. (૨) આવિષ્કાર સોસા. (૩) નવપ્રકાશ સોસા.<br>(૪) આઝમ સોસા. (૫) ભાલેશ્વર સોસા. (૬) ક્રિષ્ના એપા. (૭) અક્ષરધામ<br>સોસા. (૮) મધુરમ કોપ્લેક્ષ | ૨ |
| ૧૫ | વેજલપુર | (૧) વેજલપુર ગામ (૨) શિવશકિત નગર (૩) શુભ સોસા. (૪) શ્રીનંદનગર<br>(૫) શાંતિનાથ નગર (૬) ધન્યતા સોસા. (૭) શ્રી રામ નગર (૮) કૃષ્ણનગરી<br>(૯) સિદ્ધિ એપા. (૧૦) શ્યામ સુંદર (૧૧) ભવ્યનિધી (૧૨) આનંદ નગર<br>(૧૩) શિવાલય (૧૪) સિદ્ધિ વિનાયક (૧૫) રવિ એપા. (૧૬) વૈભવી સોસા.<br>(૧૭) સુર્ય દર્શન (૧૮) મીરા નગર (૧૯) ભગવાન પુરા (૨૦) વૃંદાવન<br>(૨૧) બાઝીગર સોસા. (૨૨) ઓમ એપા. (૨૩) આંબેડકર સોસા.<br>(૨૪) પી એન્ડ ટી કોલોની | ૨ |
| ૧૬ | ઇસનપુર | (૧) ઇસનપુર (૨) મનોકામના સોસા. (૩) કાશી વિશ્વનાથ (૪) લાંભા<br>(૫) ઇન્દિરાનગર (૬) અસલાલી | ૧ |
| ૧૭ | દાણી લીમડા | (૧) એસબીઆઇ ચંદન સોસા. (૨) લક્ષ્મીકુંજ (૩) અંબાલાલ પાર્ક<br>(૪) હેમંત કુંજ સોસા. (૫)ભગીરથ સોસા. (૬) સુવર્ણરેખા સોસા.<br>(૭) ઉત્તમ નગર (૮) રામબાગ (૯) જન કલ્યાણ સોસાયટી | ૧ |
| ૧૮ | બહેરાપુરા<br>કાકરીયા | (૧) ગીતા મંદિર (૨) વિજયનગર (૩) મ્યુનિ. ઓફિસર્સ કવાટર્સ<br>(૪) સારથી ફ્લેટ (૫) મણીનગર (૬) સંતરાસ ફ્લેટ (૭) અમૃત નગર<br>(૮) કેલિકો મિલ (૯) બહેરામ પુરા (૧૦) શિવમ એપા. (૧૧) સંસ્કૃત એપા.<br>(૧૨) અમરાઇવાડી (૧૩) ખોખરા , (૧૪) વટવા (૧૫) એકતા એપા.<br>(૧૫) જોલા પાર્ક | ૧ |
| ૧૯ | રાયખડ | (૧) રાયખડ (૨) ગોલ લીમડા | ૧ |
| ૨૦ | શાહપુર | (૧) સુતરીયા સોસાયટી (૨) મ્યુની. કવાટર્સ (૩) શાહપુર (આંબલી ફળીયુ) | ૧ |
| ૨૧ | સરસપુર | (૧) ઇ કોલોની (૨) ઇંટવાડા (૩) બાલાપીરની ચાલી (૪) નિર્મળપુરા<br>(૫) શ્રમજીવી સોસાયટી | ૧ |
| ૨૨ | સરસપુર | (૧) સ્વસ્તીક બંગલો (૨) ધુળાભાઇની ચાલી (૩) ત્રિકમલાલની ચાલી<br>(૪) જી કોલોની (૫) સુખરામ નગર (૬) રખિયાલ (૭) છોટાલાલની ચાલી<br>(૮) લક્ષ્મીનગર- આદિનાથ નગર ઓઢવ (૯) ગણેશકુંજ સોસા.<br>(૧૦) ઇન્દિરા નગર | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | સી ટી એમ | (૧) પ્રધુમન સોસાયટી (૨) આશાનંદ સોસાયટી | ૧ |
| ૨૪ | સાબરમતી ચાંદખેડા | (૧) પાર્વતી નગર (૨) મોરાર નગર (૩) કાળી ગામ (૪) શ્યામ બંગલોઝ (૫) યોગી નગર (૬) ન્યુ ભાવિક નગર (૭) જવાહર ચોક (૮) શાંતિકુંજ સોસા. (૯) ચાંદખેડા (૧૦) મહુડી - મહાવીર (૧૧) ન્યુ પ્રગતિ સોસા. (૧૨) જીવનધારા સોસા. (૧૩) ન્યુ સંસ્કાર સોસા. (૧૪) નાકોડા (૧૫) ચામુંડા નગર (૧૬) શ્રી પાલ નગર (૧૭) મધુરમ ફ્લોરા ફ્લેટ | ૨ |
| ૨૫ | શાહીબાગ | (૧) મગનલાલ પાર્ક (૨) ગણપત સોસા. (૩) ધાબર સોસા. (૪) સીવીલ હોસ્પીટલ ક્વાટર્સ (૫) કલાપી નગર (૬) અનીલ સ્ટાર્ચ (૭) જૂની અશોક મીલ (૮) મેમ્કો નરોડા (૯) જલ કમલ સોસા. (૧૦) કૃષ્ણ નગર (૧૧) સદર બજાર (૧૨) એર પોર્ટ કોલોની (૧૩)કુબ્ર નગર (૧૪) પાશ્વનાથ ટાઉનશીપ (૧૫) આરતી નીકોલ (૧૬) જય અમરનાથ (૧૭) નાકોડા ફ્લેટ | ૧ |
| ૨૬ | બાપુનગર | (૧) બાપુનગર (૨) ઉમંગ ફ્લેટ (૩) રાજીવ નગર (૪) શાંતિકુંજ (૫) પી એન્ડ ટી કોલોની | ૧ |
| ૨૭ | ગાંધી નગર | (૧) ગાંધી નગર સેક્ટર | ૨ |
| | | સોસાયટી / ફ્લેટોના કારોબારીના કુલ કારોબારી સભ્યોની સંખ્યા | ૩૫ |

૧૪ નોંધ :

૧૪.૧ જે તે વોર્ડમાં સમાવેશ કરેલ સોસાયટી ફ્લેટોનાં સભ્યોની સંખ્યાની એરીયા બાબતની રજુઆતોને ધ્યાને લેવામાં આવશે.

૧૪.૨ સમાજની કારોબારી સમિતિ અને હોદ્દેદારોની મુદત ૩ વર્ષની રહેશે.

૧૪.૨.૧ અનિવાર્ય સંજોગોમાં સમાજને યોગ્ય લાગે તો ચૂંટાયેલા હોદ્દેદારો અને કારોબારીની મુદત સામાન્ય સભાની મંજુરીથી એક વર્ષ લંબાવી શકશે.

૧૪.૨.૨ સમાજનાં હોદ્દેદારોનો કાર્યકાળ પુરો થયા પછી અનિવાર્ય સંજોગોમાં ચુંટણીની કાર્યવાહી કરવામાં વિલંબ થાય ત્યારે ચુંટણી પ્રક્રિયા પુરી થતા અને નવા હોદ્દેદારોની નિમણુંક થાય ત્યાં સુધી ચાલુ હોદ્દેદારો કાર્ય કરી શકશે પરંતુ તેઓ નાણાંકીય તેમજ નિતિ વિષયક બાબતો અંગે કોઇ નિર્ણય લઇ શકશે નહીં.

૧૪.૨.૩ સમાજના ચૂટાયેલા ચાલુ હોદ્દેદારો તરફથી કોઇ કારણસર રાજીનામું આપવામાં આવે અથવા કોઇ હોદ્દેદારનું અવસાન થાય તો તેનોની ખાલી પડેલી જગ્યાએ બાકીની મુદત માટે સમાજનાં સભ્યની નિમણુંક કારોબારી કરશે.

૧૪.૩ સમાજના ભાઇ કે બહેન જે ૧૮ વર્ષનાં થયા હોય તથા જે સમાજ હિતની ચર્ચા સમજ પુર્વક, પ્રમાણિકપણે, સભ્યતાપુર્વક તથા નિષ્પક્ષપણે કરી શકે તે જ સમાજનાં સભ્ય તરીકે સમાજનાં હાદ્દેદારોની ચૂટણીમાં મત આપવા માટે, ઉમેદવારી કરવા માટે તેમજ સમાજનાં કારોબારીના સભ્ય તરીકે લાયક ગણાશે.

૧૪.૪ સમાજના બંધારણ, ધારાધોરણો અને નિયમો મુજબ ઠરાવો તથા સમાજનો વહીવટ વ્યવસ્થિત ચલાવવા સમાજના કલ્યાણ અંગે જરૂરી પગલા લેવા તથા સમાજના સભ્યોમાં અંદરોઅંદર સહકાર અને સંપ જળવાઇ રહે તે માટે અરસપરસનાં તમામ ઝઘડાઓનો નિકાલ શાંતિભર્યા, વ્યાજબી માર્ગો દ્વારા લાવવાનું કાર્ય સમાજની કારોબારી કરશે.

૧૪.૫ સમાજની કારોબારી બંધારણ ધારાધોરણો અને નિયમો મુજબ સમાજનો વહીવટ વ્યવસ્થિત ચલાવવા જરૂરી ઠરાવો કરશે અને તે ઠરાવો સામાન્ય સભાની મંજુરી માટે મોકલશે અને સામાન્ય સભામાં મંજુરી મળ્યેથી તેનો અમલ થાય તે માટે ઘટતાં પગલાં લેશે.

૧૪.૬ સમાજનાં પ્રમુખશ્રી વધારેમાં વધારે (૧૦) દશ શિક્ષિત તેમજ અનુભવી સભ્યોને સમાજની કારોબારીના સભ્ય તરીકે કો - ઓપ્ટ કરી શકશે. આવા કો - ઓપ્ટ થયેલ સભ્યને સમાજની કારોબારીમાં સમાજનાં પ્રશ્નો વખતે મત આપવાનો અધિકાર રહેશે.

૧૪.૭ સમાજની કારોબારીની સભામાં નિયુકત થયેલ કારોબારીનાં સભ્યોની સંખ્યાના ૧/૩ સભ્યો અથવા તો

ઓછામાં ઓછા ૨૦ (વીસ) સભ્યોની હાજરીથી કોરમ થયેલું ગણાશે તથા સભાનું કામકાજ કરી શકશે.

૧૪.૮ સમાજની કારોબારી વસ્તીપંચના તેમજ સોસાયટી, ફ્લેટોના જે તે વિસ્તરનાં સમુહનાં કામકાજ ઉપર દેખરેખ રાખશે તથા પ્રસંગોપાત કામકાજમાં યોગ્ય સુચનાઓ આપશે તથા સગાઇ, લગ્ન, પુનઃલગ્ન, છુટાછેડા. પરગોળ કન્યા વ્યવહાર તથા અન્ય રીતરિવાજો અંગે જરૂરી ધારાધોરણો કે ઠરાવો કરી તેને સામાન્ય સભામાં જરૂરી મંજુરી અર્થે રજુ કરશે.

૧૪.૯ સમાજના હોદ્દેદારો વર્ષમાં વધુમા વધુ રૂપિયા ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) સુધીનો ખર્ચ વિના મંજુરીથી કરી શકશે અને ખર્ચ કર્યા પછી તેનો હિસાબ નાણા મંત્રીને રજુ કરવાનો રહેશે. આનાથી વધારે રકમનો ખર્ચ સમાજની કારોબારીની મંજુરી લીધા સિવાય કરી શકશે નહીં.

૧૪.૧૦ કોરમના અભાવે મુલત્વી રહેલી મિટીંગનું કામકાજ અડધા કલાક પછી નોન કોરમથી કરવામાં આવશે, પરંતુ નોન કોરમ મિટીગમાં બંધારણ, ધારાધોરણ અગર નિયમોમાં સુધારા વધાર અંગે ઠરાવો કરી શકાશે નહીં.

૧૪.૧૧ સમાજની કારોબારીના સભ્યને, તેની સામેના આક્ષેપોનો ખુલાસો લીધા સિવાય તે રદ કરી શકાશે નહીં.

૧૪.૧૨ સમાજની કારોબારીનો સભ્ય લાગલગાટ ત્રણ મિટીંગમાં ગેરહાજર રહેશે તો તે સભ્ય આપોઆપ કારોબારીના સભ્યપદેથી રદ થયેલો ગણાશે અને તેઓની જગ્યાએ તેઓના વિસ્તારમાંથી જ બીજા સભ્યની નિમણુંક સમાજના કારોબારીના સભ્યો કરી શકશે.

૧૪.૧૩ સમાજની કારોબારીના સભ્યપદેથી રાજીનામું આપનાર સભ્યનું સભ્યપદ, સમાજ રદ કરીને તેઓની જગ્યાએ તેઓના વિસ્તારમાંથી જ બીજા સભ્યની નિમણુંક કરી શકશે.

૧૪.૧૪ (અ) સમાજના હોદ્દેદારો સમાજનાં લાગા, દાન, બક્ષીશ તથા અન્ય આવકનો નાણાંકીય વહીવટ કરશે, તેમજ સમાજનાં હાદ્દેદારોમાંથી પ્રમુખ, સામાન્ય મંત્રી અને નાણા મંત્રી હોદ્દાના રૂએ બેન્ક ખાતુ ખોલાવી તેનો વહીવટ ત્રણ હાદ્દેદારોમાંથી કોઇપણ બે સભ્યોની સહીથી કરી શકશે.

(બ) સમાજના સભ્યોના વિકાસ માટે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સાથે વિચાર વિમર્શ કર્યા બાદ ટ્રસ્ટમાં સમાવેશ હેતુ તથા અન્ય હેતુઓ માટે સમાજ તેઓની કારોબારીની મંજુરીથી સમાજના વિકાસલક્ષી કાર્યક્રમો કરી શકશે.

૧૪.૧૫ સમાજના નાણામંત્રી દર નાણાંકીય વર્ષને અંતે સમાજનું આવક - જાવકનું સરવૈયુ તૈયાર કરી હોદ્દેદારો અને સમાજની કારોબારી સભામાં રજુ કરશે અને ત્યારબાદ સમાજની સામાન્ય સભામાં તેને મંજરી અર્થે મુકવામાં આવશે.

૧૫ વિવિધ સમિતિઓ :-

૧૫.૧ ન્યાય સમિતિ :

સમાજના પ્રમુખ તેઓના સમયકાળ દરમિયાનના ગાળામાં સમાજના સભ્યોના સામાજિક તેમજ આર્થિક પ્રશ્નો અંગે બે પક્ષો વચ્ચે ઉભી થયેલી મડાગાંઠ અને પ્રશ્નો બાબતે તેનો યોગ્ય ઉકેલ બન્ને પક્ષોને સમજાવીને લાવવા માટે સમાજના શિક્ષિત અને અનુભવી વડીલોની ન્યાય સમિતીની રચના કરશે અને અ સમિતિ આવા પ્રશ્નોનો અભ્યાસ કરી, તેઓની કુનેહ અને બુદ્ધિથી પ્રશ્નોના શાતિમય માર્ગે નિકાલ લાવશે.

૧૫.૨ બંધારણ સમિતી :

સમાજના ધારાધોરણ અને નિયમો અંગે સુધારાવધારા કરવા અંગે જરૂરી લાગે તેવા સંજોગોમાં સમાજના પ્રમુખ સમાજના શિક્ષિત અને અનુભવી વ્યકિતઓની નિમણુંક કરીને વધારામાં વધારે સાત અથવા અગિયાર સભ્યોની બંધારણ સમિતિ બનાવશે. આ બંધારણ સમિતિ બંધારણમાં સંશોધન કરીને તેનાં નિર્ણયો સાથેના ઠરાવો કારોબારી સભામાં રજુ કરશે અને કારોબારી સભા આ બાબતે જરૂરી ચર્ચા - વિચારણા કરીને તેના નિષ્કર્ષ સાથેનો અહેવાલ સામાન્ય સભામાં રજુ કરશે. બંધારણ સુધારા અંગે સામાન્ય સભા જે ઠરાવ કરશે તે કાયદેસર ગણાશે.

૧૬ સમાજની સામાન્ય સભા :

૧૬.૧ અમદાવાદ મુળગામી વણકર સમાજનાં પ્રમાણિત ગામ તથા સોસાયટીઓ, ફ્લેટોનાં બનાવેલ વોર્ડમાં બેઠેલા ૧૮ વર્ષથી ઉપરના ભાઇ અને બહેન જેમની સભાસદ યાદી અમદાવાદ મુળગામી વણકર સમાજે જે

તે સમયે મંજુર કરી પ્રસિદ્ધ કરી હોય તે જ સમાજના સભ્યો સામાન્ય સભામાં ઉપસ્થિત રહી શકશે અને સામાન્ય સભાની કાયદેસરની તમામ કાર્યવાહીમાં ભાગ લઇ શકશે. સભામાં કોઇપણ ચૂંટણીમાં મત આપવા માટે ચર્ચા વિચારણા માટે તેમજ સમાજના હિત માટે ઠરાવ મુકવા અને નિર્ણય લેવા વિગેરે સમાજના કાર્યો કરવા માટેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

૧૬.૨ સામાન્ય સભા સમાજના મુખ્ય પ્રશ્નો પર ચર્ચા કરશે તથા બંધારણ અને નિયમોમાં જરૂરી ફેરફાર કરવા અંગે ઠરાવો કરશે તથા કાર્યક્રમ નકકી કરશે.

૧૬.૩ સમાજની સામાન્ય સભાનું કોરમ ૬૦ સભ્યોનું રહેશે. નોન કોરમથી મળેલ સભામાં બંધારણના નિયમો તેમજ સમાજની આર્થિક બાબતો અંગે નિર્ણયો લઇ શકાશે નહીં.

૧૬.૪ સમાજની સભાઓમાં હાથ ઉંચા કરીને અથવા પ્રમુખને યોગ્ય લાગે તે રીતે મત લઇને નિર્ણયો મંજુર કરાવી શકાશે.

૧૭ સમાજના હોદ્દેદારો :

(૧) પ્રમુખ (૨) ઉપ પ્રમુખ (૩) સામાન્ય મંત્રી (૪) નાણાં મંત્રી (૫) કેળવણી મંત્રી (૬) બે સહ સામાન્ય મંત્રીઓ (૭) સહ નાણાં મંત્રી (૮) સહ કેળવણી મંત્રી આમ કુલ ૯ (નવ) હોદ્દેદારો રહેશે.

૧૭.૧ પ્રમુખશ્રીની કામગીરીઃ સમાજની બધી સભાઓમાં ચૂંટાયેલા સમાજના પ્રમુખ, જે તે સભાનું પ્રમુખ સ્થાન લેશે. તેમની દોરવણી મુજબ સમાજના હાદ્દેદારોએ કામકાજ કરવાનું રહેશે તથા હોદ્દેદારો વચ્ચે કામકાજની વહેંચણી કરશે. સમાજના પ્રમુખની ગેરહાજરીમાં થયેલ કામકાજ જો પક્ષપાતી કે અન્યાયભર્યા અગર સમાજની પ્રતિષ્ઠા કે હિતને નુકશાનકારક છે તેમ પ્રમુખને લાગશે તો તે થયેલ કામકાજના અમલ બાબતે સમાજના પ્રમુખને યોગ્ય લાગે તે નિર્ણય લઇ શકશે. કોરમથી થયેલું કામકાજ મોકુફ રાખી શકાશે નહીં. સભામાં સરખા મત પડતાં વધારાનો મત આપવોનો સમાજના પ્રમુખને અધિકાર રહેશે. સમાજની પ્રતિષ્ઠા, મોભો જાળવવાની સમાજનાં પ્રમુખની જવાબદારી છે અને તે માટે યોગ્ય પગલાં લેવોનો પ્રમુખને અધિકાર રહેશે.

૧૭.૨ ઉપ પ્રમુખશ્રીની કામગીરી : જયારે પણ સભા મળે અને આવી સભામાં સમાજના પ્રમુખની ગેરહાજરી હોય ત્યારે સભાના પ્રમુખ તરીકેની કામગીરી બજાવશે અને સભાનું સંચાલન કરશે.

૧૭.૩ સામાન્ય મંત્રીશ્રીની કામગીરી :

(૧) સમાજના હાદ્દેદારો, કારોબારી તથા સમાજની સામાન્ય સભાની મિટીંગ નિયમ અનુસાર બોલાવવાની કામગીરી કરશે.

(૨) સમાજના દફતરની જાળવણી તથા સમાજના કામકાજ માટે જરૂરી પત્રવ્યવહાર કરશે.

(૩) દરેક સભાની કાર્યવાહીની મીનીટસ લખવાની જવાબદારી રહેશે.

(૪) દરેક સભાની મિટીંગો અંગેનો એજન્ડા બહાર પાડશે અને દરેક બાબતોની પત્રિકા છપાવી, સમાજના સભ્યોને પહોંચતી કરવા અંગેની વ્યવસ્થા કરશે તેમજ સમાજની મિટીંગોમાં થયેલાં ઠરોવોના અમલીકરણ અંગેની કામગીરી કરશે.

(૫) આ બધી કાર્યવાહી માટે સામાન્ય મંત્રી રૂપિયા ૧૦૦૦/- (અંકેં રૂપિયા એક હજાર પુરા) સુધીની રકમ ખર્ચ પેટે હાથ ઉપર રાખી શકશે.

૧૭.૪ નાણામંત્રીશ્રીની કામગીરી :

(૧) સમાજના નાણાંકીય ભંડોળનો સુવ્યવસ્થિત વહીવટ કરશે.

(૨) સમાજના પ્રસંગોના લાગા, દાન, ભેટ, બક્ષીસો સ્વીકારીને તેની પહોંચ આપશે.

(૩) સમાજના આવક - જાવકના હિસાબો તૈયાર કરી મંજુરી અર્થે કારોબારી અને સામાન્ય સભામાં રજુ કરશે.

૧૭.૫ સહ નાણામંત્રીશ્રીની કામગીરી :

(૧) નાણામંત્રીને જરૂરી તમામ સહાય કરશે.

(૨) સમાજનાં સામાજિક પ્રસંગોના લાગાની ઉઘરાણી કરવાની રહેશે અને તેની પહોંચ આપવાની રહેશે.

(૩) આ નાણાંની ઉઘરાણીની માહિતી નાણામંત્રીને દર માસે પુરી પાડવાની રહેશે.

૧૭.૬ કેળવણી મંત્રીશ્રીની કામગીરીઃ

(૧) કેળવણી અંગે સમાજના વિદ્યાર્થઓને દર વર્ષે પુસ્તકોનું વિકરણ કરવું.

(૨) આ અંગે જરૂરી પત્રિકાઓ છપાવવી.

(૩) સમાજના વિદ્યાર્થી ભાઇ - બહેનો માટે કેળવણી અંગેની પ્રવૃતિઓનું સંચાલન કરવું.

૧૭.૭ સહ કેળવણી મંત્રીશ્રીની કામગીરી :

કેળવણી મંત્રીશ્રીને જરૂરી તમામ શૈક્ષણિક સહાય કરવી.

૧૭.૮ સહ સામાન્ય મંત્રીશ્રીઓની કામગીરી :

સામાન્ય મંત્રીશ્રીને જરૂરી સહાય કરવી અને સમાજના કાર્યક્રમોની પત્રિકાઓ સમાજના બધા મહોલ્લાઓ, સોસાયટીઓ તથા ફ્લેટોના પ્રતિનિધીને પહોચાડવી.

૧૮ સમાજના હોદ્દેદારો પ્રમુખ, સામાન્ય મંત્રી અને નાણામંત્રીના નિયમો :

૧૮.૧ ચૂંટણીની કાર્યવાહી પૂર્ણ થયા પછી જુના હોદ્દેદારો પ્રમુખ, સામાન્ય મંત્રી અને નાણા મંત્રીએ ચૂંટાયેલા નવા હોદ્દેદારોને કોઇપણ વાંધા સિવાય ૧૦ (દસ) દિવસમાં ચાર્જ આપી દેવાનો રહેશે.

૧૮.૨ આ સમય મર્યાદામાં ચાલુ હોદ્દેદારો તરફથી નવા ચૂંટાયેલા હોદ્દેદારોને ચાર્જ આપવામાં નહી આવે તો આવા દોષિત હોદ્દેદારોને રૂપિયા ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) સુધીનો દંડ સામાન્ય સભા કરી શકશે.

૧૮.૩ આવા દંડનીય ચાલુ હોદ્દેદારોને પાંચ વર્ષ સુધી સમાજની કાર્યવાહીમાં ભાગ લઇ શકશે નહીં તેમજ પાંચ વર્ષ સુધી ચૂંટણીમાં કોઇપણ હોદ્દા ઉપર ઉમેદવારી કરી શકશે નહીં.

૧૮.૪ આવા દંડનીય ચાલુ હોદ્દેદારો દ્વારા દંડની રકમ નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં સમાજમાં જમા નહીં કરાવે તો દંડનીય રકમ ઉપર વાર્ષિક ૧૨ ટકા પ્રમાણે દંડનીય વ્યાજ વસુલ કરી શકશે.

૧૮.૫ આવા દંડનીય ચાલુ હોદ્દેદાર આવી દંડની રકમ સમાજમાં જમા નહીં કરાવે તો આ રકમ વસુલ કરવા માટે સમાજ તેમની સામે દિવાની દાવો નામદાર કોર્ટમાં દાખલ કરી ખર્ચ સાથે તે રકમ વસુત કરવાની કાર્યવાહી કરી શકશે.

૧૯ સભાઓ અંગે :-

૧૯.૧ સમાજની સામાન્ય સભા વર્ષમાં ઓછામાંઓછી એક વખત બોલાવવાની રહેશે.

૧૯.૨ સમાજની સામાન્ય સભા સમાજની કારોબારીએ ભલામણ સાથે મોકલેલી અરજીઓનો નિકાલ કરશે.

૧૯.૩ સમાજની સામાન્ય સભા સમાજની કારોબારીની સભામાં લેવાયેલ નિર્ણયો, ઠરાવો તેમજ સામાન્ય સભામાં સભ્યોએ રજુ કરેલ દરખાસ્તો અંગે જરૂરી ચર્ચા - વિચારણા કરી નિર્ણયો લઇને ઠરાવ કરશે.

૧૯.૪ સમાજની સામાન્ય સભા સમાજના બંધારણમાં ફેરફાર, સુધારા અંગે જરૂરી ચર્ચા - વિચારણા કરી નિર્ણયો લઇને ઠરાવ કરી શકશે.

૧૯.૫ સમાજના આવક - જાવકના વાર્ષિક અહેવાલો જોઇ તપાસી મંજુર કરશે.

૧૯.૬ સમાજનાં હોદ્દેદારોની ચૂંટણી ગુપ્ત મતદાન અથવા સભામાં સભ્યોના હાથ ઉંચા કરીને પ્રમુખને યોગ્ય લાગે તે રીતે મત લઇને કરી શકશે.

૧૯.૭ સમાજનાં સભ્યોએ અંદરો અંદરના ઝઘડાઓ, પતિ અને પત્ની વચ્ચેનાં ઝઘડાઓ તેમજ મિલકત અંગેના ઝઘડાઓ તથા અન્ય ઝઘડાઓના પ્રશ્નો માટે સમાજના સામાન્ય મંત્રીને રૂપિયા ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) ની ફી સાથે અરજી કરવાની રહેશે. ન્યાય સમિતિ અરજદાર અને સામેવાળા પક્ષને તેઓને મિટીંગમાં રૂબરૂ બોલાવી તેઓના પ્રશ્નોની વિચારણા કરી તેમજ તેનું મુલ્યાંકન કરી તેનો ન્યાય કરી ચુકાદો આપશે. આ ચુકાદાનું પાલન બન્ને પક્ષોએ કરવાનું રહેશે. ન્યાય સમિતિના ચુકાદાથી નારાજ પક્ષકાર ન્યાયની અદાલતમાં જઇ શકશે.

૧૯.૮ સમાજના સભ્યોની યાદી સમાજની કારોબારીએ મંજુર કરી પ્રસિદ્ધ કરી હોય તેમાં તેમનું સમાજના સદસ્ય તરીકે નામ હોય તેવા ૨/૩ સભાસદોની વિજ્ઞપ્તી પત્ર દ્વારા સમાજની ખાસ સભા બોલાવવા માટે સમાજના પ્રમુખને વિનંતી કરવામાં આવે તે વિનંતીપત્રમાં જણાવેલ સઘળા મુદ્દાઓના આધાર, પુરાવ અરજદારોએ રજુ કરવાના રહેશે તેમજ આ વિનંતીપત્રમાં જે સમાજના સભ્યોએ સહી કરી હોય તેઓએ આ વિનંતીપત્ર વંચાણે લઇને તેની પુરી સમજ મેળવી છે તે અંગેનું એકરારનામુ આપવાનું રહેશે. આવા આધાર, પુરાવા અને એકરારનામુ વિનંતીપત્ર સાથે આપવાના રહેશે. આવા આધાર પુરાવા અને એકરારનામા વિનંતી પત્ર સાથે રજુ કરવામાં નહીં આવ્યા હોય, તેમજ આ વિનંતી પત્રમાં હોદ્દેદારોની બદનક્ષી કરતું લખાણ હશે તો

સામાન્ય મંત્રી રીકવીઝીશન સભા બોલાવવાની અરજી દફતરે કરી શકશે તેમજ આ વિનંતી પત્રમાં ઓછામાં ઓછા ૬૦ (સાંઇઠ) સભ્યોની સહી કરેલી હોવી જોઇએ. (સંદર્ભ સામાન્ય સભા તા. ૨૬-૦૧-૨૦૦૫).

૧૯.૯ સમાજની સામાન્ય સભાનું કોરમ ૬૦(સાંઇઠ) સભ્યોનું રહેશે. કોરમને અભાવે મુલત્વી રહેલી બીજી નોન કોરમ મિટીંમાં બંધારણ, ધારાધોરણ કે નાણાંકીય બાબતોના નિયમોમાં સુધારો કરી શકાશે નહીં.

૧૯.૧૦ સમાજની કારોબારી તથા સામાન્ય સભામાં બધા નિર્ણયો સભામાં હાજર રહેલ સભ્યોની બહુમતીથી કરવામાં આવશે. સભામાં હાથ ઉંચા કરીને અગર તો પ્રમુખને યોગ્ય લાગે તો ગુપ્ત મતદાન પદ્ધતિથી હોદ્દેદારોની ચૂંટણી કરશે.

૧૯.૧૧ સમાજનું વસ્તીપંચ / વોર્ડપંચ સમાજનાં સભ્યોના ફાળો કે દંડની બાકી પડતી રકમની વસુલાત માટે પ્રયત્ન કરશે અને જયાં સુધી આવા સભ્ય તરફથી સમાજનો ફાળો કે દંડની રકમ આપવામાં ન આવે ત્યાં સુધી ( તે વ્યકિતના સર્વ વ્યવહારમાં સહકાર આપવાનું મુલતવી રાખવું) તેમજ સમાજ તરફથી કરવામાં આવનાર કોઇપણ કાર્યક્રમમાં તે સભ્ય ભાગ લઇ શકશે નહીં અને સમાજના કોઇપણ હોદ્દા ઉપર ઉમેદવારી કરી શકશે નહીં.

૧૯.૧૨ સમાજનાં જે કોઇ સભ્ય દ્વારા સમાજના હિતાર્થે સમાજની શોભા વધે તેવી વિશિષ્ટ કામગીરી કરી હશે તેમજ આ અંગે સ્થાવર જંગમ મિલકત સમાજને દાન - ભેટ સ્વરૂપે આપશે તેમજ સમાજના વિકાસ માટે વિશિષ્ટ કામગીરી કરવામાં આવી હશે તેવા સમાજનાં સભ્યનું સમાજ દ્વારા અભિનંદન - સન્માન કરવામાં આવશે.

૧૯.૧૩ સમાજનાં કોઇપણ સભ્ય અન્ય કોઇપણ વ્યકિત કે અન્ય સમાજો, ટ્રસ્ટો, સંગઠનો, મંડળો વિગેરે આ સમાજનાં સભ્યોના લાભાર્થે સમાજની અગાઉની લેખિત મંજુરી મેળવ્યા સિવાય કોઇપણ પ્રકારના કાર્યક્રમો જેવા કે મેળાવડા, સંમેલન, સમુહ લગ્ન, પસંદગી મેળા કે અન્ય કાર્યક્રમ યોજી શકશે નહીં (સંદર્ભ : સામાન્ય સભા તા ૨૬-૦૧-૨૦૦૫).

૧૯.૧૪ સમાજની પૂર્વ લેખિત મંજૂરી મેળવ્યા સિવાય સમાજનાં સભ્યો. સમાજના સભ્યોના હિતાર્થે કોઇપણ પ્રવૃતિ કરશે, કરાવશે તેમજ તેમાં ભાગ લેશે અને આર્થિક રીતે અને અન્ય રીતે તેમાં સહકાર આપશે તેવા તમામ વ્યકિતઓ સામે સમાજ કાયદેસર યોગ્ય પગલાં ભરશે. સમાજનાં આ નિયમોનું ઉલંઘન કરનાર કે ભંગ કરનાર દરેક વ્યકિતને સમાજ રૂપિયા ૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) સુધીનો દંડ કરી શકશે અને દંડની રકમ સમાજમાં એક માસની અંદર જમા નહીં કરાવે તો મુદત વિત્યે તેવા વ્યકિતને કોઇપણ હોદ્દા માટે ઉમેદવારી કરવા માટે પાંચ વર્ષ સુધીનો પ્રતિબંધ મુકી શકશે. (સંદર્ભ સામાન્ય સભા તા ૨૬-૦૧-૨૦૦૫).

૧૯.૧૫ સમાજના અમુક સભ્યો સમાજ વિરૂદ્ધ સીધા જ કોર્ટમાં જવાનું વલણ ધરાવે છે સમાજનાં સભ્યો સમાજ વિરૂદ્ધની તેમજ સમાજનાં હોદ્દેદારો વિરૂદ્ધની કોઇપણ કાર્યવાહી કરવા માટે સીધા કોર્ટમાં જઇ શકશે નહીં. સમાજનાં સભ્યોને સમાજનાં હોદ્દેદારો અને સમાજ વિરૂદ્ધ કોઇ અસંતોષ હોય તો તેઓએ તેમની લેખિતમાં રજૂઆત જરૂરી પુરાવા સાથે સમાજનાં પ્રમુખને કરવાની રહેશે. પ્રમુખ આ અરજી ૬૦ (સાંહીઠ) દિવસમાં સમાજની કારોબારીની મિટીંગમાં મુકી તેનો યોગ્ય નિકાલ કરશે. જો સમાજની કારોબારની સભામાં તેનો નિકાલ ન ખાય તો પ્રમુખે તેને સામાન્ય સભામાં મુકી તેનો નિકાલ લાવવાનો રહેશે. સમાજની કારોબારી તથા સામાન્ય સભાએ આ અરજી બાબતે લેવાયેલ નિર્ણયનું અરજદારે પાલન કરવાનું રહેશે. તેમ છતાંય તેઓને સંતોષ ન થાય તો સમાજની સામાન્ય સભાની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ અરજદાર ન્યાયની આદાલતમાં જઇ શકશે. આ ઠરાવનું ઉલંઘન કરનાર અરજદાર સભ્યને સમાજ રૂપિયા ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) સુધીનો દંડ કરી શકશે. (સંદર્ભ સામાન્ય સભા તારીખ ૨૦-૧૨-૨૦૦૯).

૧૯.૧૬ સમાજના બંધારણની કલમ ૧૫ પ્રમાણે સમાજનો કોઇપણ સભ્ય સમાજના હોદ્દેદારો વિરૂદ્ધ સીધા કોર્ટમાં જઇ શકશે નહીં. તેવી હાલની જોગવાઇનું ઉલંઘન કરીને કોઇ સભ્ય સમાજના હોદ્દેદારો વિરૂદ્ધ સીધા કોર્ટમાં જશે તો સમાજ તેવા સભ્યને રૂપિયા ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) અથવા સમાજને જે ખરેખર ખર્ચ થયો હોય તે બેમાંથી જે વધારે હોય તેટલી રકમનો દંડ કરી શકશે.

૧૯.૧૭ બંધારણનો ભંગ કરનારી આવી વ્યકિત પાંચ વર્ષ માટે સમાજના કોઇપણ હોદ્દા ઉપર ચૂંટણી લડી શકશે

નહીં તેમજ સમાજની કોઇપણ મિટીંગમાં પાંચ વર્ષ સુધી ભાગ લઇ શકશે નહીં.

૧૯.૧૮ જે સભ્યને સમાજ તરફથી આવા ગુન્હા માટે દંડ કરવામાં આવે તેવા સભ્યને સદર દંડની રકમ ૧૫ દિવસમાં સમાજના નાણામંત્રી શ્રી ને જમા કરાવવાની રહેશે. જો કસુરવાર સભ્ય દ્વારા સમય મર્યાદામાં આ રકમ સમાજમાં જમા કરાવવામાં નહીં આવે તો નોટીસની મુદત પુરી થયા પછી સદર રકમ ઉપર તેઓએ વાર્ષિક ૧૨ ટકા પ્રમાણે દંડનીય વ્યાજ આપવાનું રહેશે.

૧૯.૧૯ આ રકમ સભ્ય દ્વારા સમાજમાં જમા કરાવવામાં નહીં આવે તો સમાજ આ રકમની વસુલાત માટે નામદાર કોર્ટમાં દિવાની દાવો દાખલ કરી વસુલાત કરી શકશે.

૨૦ લગ્ન સંબંધ :-

સરકારી કાયદા અનુસાર પુખ્તવયના છોકરા કે છોકરીનાં લગ્ન સંબંધ કાયદેસર ગણાશે. પરસ્પરની પસંદગી દ્વારા લગ્નગ્રંથીથી જોડાનાર દંપતીમાં પણ થોડા સમય બાદ છુટાછેડા સુધીના બનાવો બનતા હોય છે. એટલા માટે છોકરા અને છોકરીના લગ્ન સંબંધ કરવાના હોય તે બંન્ને પક્ષોએ છોકરા છોકરીની ઉંમર, શિક્ષણ અને સંસ્કાર, પરસ્પરનાં ઘરકુટુંબ તથા તેઓનાં સબંધીઓના તેમજ ભવિષ્ય વગેરે બાબતોનો સંપૂર્ણ વિચાર તથા ખાત્રી કર્યા બાદ બન્નેની સંપૂર્ણ ઇચ્છા તથા વિચારો જાણી તેઓની અરસપરસની સંમતીથી જ લગ્ન સંબંધ નકકી કરવા. તેઓની ઇચ્છા વિરૂદ્ધ દબાણથી લગ્ન સંબંધ બાંધવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. હિન્દુ સમાજમાં વિધવા બહેનો હિન્દુ રીવાજ પ્રમાણે ફરી લગ્ન કરી શકે નહીં તેવા નિયમો છે જે આજના સમયમાં સુસંગત નથી. આથી આપણો સમાજ આવી વિધવા તેમજ છુટાછેડા વાળી બહેનો અને ત્યકતા બહેનોને ફરી લગ્ન કરવાની, ચુડી ચાંદલો કરવાની તેમજ ફરી લગ્ન કરતી વખતે પીઠી કરવાની છુટ આપે છે. (સંદર્ભ : સામાન્ય સભા તા. ૧૯-૧૦-૨૦૦૮).

૨૧ સગાઇ સંબંધ :

૨૧.૧ પરસ્પરની સંપૂર્ણ પસંદગી થયા બાદ સગાઇ માટે વરપક્ષ વધારેમાં વધારે બે પુરૂષોને અનુકુળ સમયે કન્યાપક્ષને ત્યાં જવું. ત્યારબાદ કન્યાપક્ષ તરફથી પણ વધારેમાં વધારે બે પુરૂષોએ અનુકુળ સમયે વરપક્ષને ત્યાં જવું.

૨૧.૨ સગાઇ સંબંધ વખતે ગામ વસ્તીપંચ / વોર્ડ પંચ તેમજ સગાસંબંધીની રૂબરૂમાં એક શ્રીફળ, એક રૂપિયો રોકડો, ૫૦૦ ગ્રામ ગોળ, ધાણા, સાકર તેમજ ૫૦૦ ગ્રામ મીઠાઇનું બોક્ષ વગેરે આપી સગાઇનો ચાંલ્લો કરવો.

૨૧.૩ સગાઇ સંબંધ વખતે વરપક્ષ તેમજ કન્યાપક્ષ તરફથી એકબીજાને અન્ય વસ્તુઓ જેવી કે ડ્રેસ, સાડી, શૃંગારની વસ્તુઓ, વરના કપડાં વગેરે આપવા અંગે સદંતર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૨૧.૪ સગાઇ સંબંધ વખતે રીંગ સેરેમની ઉજવવા માટે અને તે માટે કાર્યક્રમ રાખવા માટે પ્રતિબંધ મુકવામાં આવે છે.

૨૧.૫ સગાઇ સબંધમાં ફકત કુટુંબની વ્યકિતઓ અને ગામવસ્તીપંચ/ વોર્ડપંચ સભ્યોને જ આમંત્રણ આપવું.

૨૧.૬ સગાઇ સંબંધ પ્રસંગે જે વ્યકિતઓ જાય તેઓએ નીચે મુજબની રકમનો વહેવાર કરવાનો રહેશે.

| | |
|---|---|
| ગામવસ્તીપંચ / વોર્ડપંચના | રૂપિયા ૨૫/- (અંકે રૂપિયા પચીસ પુરા ) |
| બ્રાહ્મણને દક્ષિણાના | રૂપિયા ૨૫/- (અંકે રૂપિયા પચીસ પુરા ) |
| કુલ રકમ ................. | રૂપિયા ૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા ) |

૨૧.૭ સગાઇ સંબંધ અંગેની વિધિ પુરી થયા બાદ સગાઇ સંબંધ કરવા આવનાર મહેમાનોને સ્વસ્છ મિષ્ઠાનનું ભોજન આપવું.

૨૧.૮ સગાઇ સંબંધ બાદ લગ્ન લેવાના હોય તે સમય દરમિયાન બંન્ને પક્ષોએ વાર તહેવારે હારડા. ખજૂર, પતાસા કે અન્ય પડીકા તથા ફળફળાદી વગેરે વસ્તુઓ લઇ જવા નહીં કે લેવા નહીં.

૨૧.૯ જો છોકરીની સગાઇ પરગોળમાં કરવાની હોય તો જે ગોળના છોકરા સાથે છોકરીનો સંબંધ થવાનો હોય તેના રિવાજો પ્રમાણે સગાઇ સંબંધની વિધિ કરી શકાશે.

૨૧.૧૦ સગાઇ સંબંધ નકકી કર્યા બાદ સગાઇ લાંબો સમય ન રાખતા સત્વરે લગ્નનું મુહુર્ત જોવડાવી બન્ને પક્ષોએ લગ્ન ગોઠવવાના રહેશે.

૨૧.૧૧ સગાઇ સંબંધ બંધાયા બાદ જો કોઇપણ પક્ષને સગાઇ સંબંધ રાખવાની ઇચ્છા ન હોય. તો જે તે પક્ષે સંબંધ

બાંધનાર વચગાળાની વ્યકિત સાથે સગાઇનો રૂપિયો પરત મોકલી સગાઇ સંબંધ ફોક કરી શકશે.

૨૨ લગ્નની કંકોત્રી :

સમાજના સભ્યોએ તેઓના ઘરે જે સામાજિક પ્રસંગ પુત્ર યા પુત્રીનાં લગ્નની તેમજ સીમંત હોય તેની કંકોત્રી સમાજનાં નાણામંત્રીને અથવા સહ નાણામંત્રીને ફરજિયાત મોકલવાની રહેશે, જે વ્યકિત તેઓના ઘરના પ્રસંગની કંકોત્રી નાણામંત્રીને અથવા સહ નાણામંત્રીને મોકલી નહીં આપે તો તેઓએ બંધારણનો ભંગ કર્યો છે તેમ સમજી સમાજ તેઓને રૂપિયા ૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા ) સુધીનો દંડ કરી શકશે.

૨૩ વરઘડ :

કન્યાપક્ષ તરફથી લગ્નના આગળના દિવસે ફકત બે જ પુરૂષો વરઘડ તરીકે જાન તેડવા માટે વરપક્ષને ત્યાં સાંજના સમયે જવું. વરપક્ષે વરઘડને સ્વસ્છ મિષ્ઠાનનું ભોજન આપવું અને બન્ને વરઘડને રૂપિયા ૨૫/- (અંકે રૂપિયા પચીસ પુરા ) આપવા.

૨૪ જાન :

લગ્નના દિવસે સમયસર બપોરના બાર વાગ્યા પહેલા જાન કન્યાપક્ષને ત્યાં લઇ જવી. કન્યાપક્ષને ત્યાં જાન આવતા જ સત્વરે ગામનાં દરવાજે, ભાગોળે અથવા હોલના મુખ્યદ્વારે વરરાજાને તેમજ મામેરીયાઓને વરતોરણ અને ચાંલ્લો કરવો. (સંદર્ભ સામાન્ય સભા તા. ૧૬-૦૧-૨૦૦૮).

૨૫ લગ્નવિધિ :

બ્રાહ્મણ દ્વારા શુભ મુહુર્તમાં શાસ્ત્રોકત વિધિ અનુસાર લગ્નવિધિ હસ્તમેળાપ કરવાં, હિન્દુ, આર્ય કે બૌદ્ધધર્મની વિધિ દ્વારા અગર ઉભયપક્ષની સંમતિ અનુસાર બંને પક્ષોની સમજુતીથી લગ્નવિધિ અને હસ્તમેળાપ કરી શકશે.

૨૬ સામાજિક વ્યવહાર બેઠક :

લગ્નવિધિ, હસ્તમેળાપ તથા જમણવાર બાદ તરત જ સમયસર બંને પક્ષોએ આપણાં સમાજે ઠરાવેલ નીચે દર્શાવેલ સામાજિક વ્યવહારો કરવાં.

## વરપક્ષ તરફથી લગ્નમાં કન્યાપક્ષને આપવાના થતાં વહેવારો

| ક્રમાંક નંબર | વ્યવહારની વિગત | રૂપિયા |
|---|---|---|
| ૧ | સામાજિક વ્યવહારના (લગ્ન પ્રસંગના) | ૧૫૦૧/- |
| ૨ | સામાજિક વ્યવહારના (આણાના) | ૫૫૦/- |
| ૩ | કન્યાના ગામ વસ્તીપંચના | ૫૦/- |
| ૪ | કન્યાના ગામ વસ્તીપંચના (મહિલાઓને) | ૫૦/- |
| ૫ | શિક્ષણ ફાળા પેટ સમાજને | ૧૫૦/- |
| ૬ | જ્ઞાતિ ફાળા પેટ સમાજને | ૧૫૦/- |
| ૭ | મકાનવાડી ફાળા પેટે સમાજને | ૧૫૦/- |
| ૮ | ગુરૂ મંદિરના (રામાનંદીય વિષ્ણુ મંદિર) | ૧૦૦/- |
| ૯ | જાની વાસાના | ૫૦/- |
| ૧૦ | મેળાઇના | ૫૦/- |
| ૧૧ | કન્યાપક્ષના બ્રાહ્મણને દક્ષિણા | ૧૦૦/- |
| | કુલ રકમ બે હજાર નવસો એક પુરા | ૨૯૦૧/- |

## કન્યાપક્ષ તરફથી લગ્નમાં સમાજને આપવાના થતાં વહેવારો

| ક્રમાંક નંબર | વ્યવહારની વિગત | રૂપિયા |
|---|---|---|
| ૧ | શિક્ષણ ફાળા પેટે સમાજને | ૧૫૦/- |
| ૨ | જ્ઞાતિ ફાળા પેટે સમાજને | ૧૫૦/- |

| | | |
|---|---|---|
| ૩ | મકાનવાડી ફાળા પેટે સમાજને | ૧૫૦/- |
| ૪ | ગુરૂ મંદિરના (રામાનંદીય વિષ્ણુ મંદિર) | ૧૦૦/- |
| | કુલ રકમ પાંચસો પચાસ પુરા | ૫૫૦/- |

## કન્યાપક્ષ તરફથી લગ્નમાં વરપક્ષને આપવાના થતાં વહેવારો

| | | |
|---|---|---|
| ૧ | વરરાજાને પહેરામણીના | ૧૫૦/- |
| ૨ | મેળાઇના | ૫૦/- |

વરતમાં (૧) કાંસાનું ભાણુ (૨) બાજોટ (૩) ત્રાંબાનો લોટો વરરાજાને આપવાનો રહેશે.

નોંધ : સમાજના સભ્યોના દિકરા / દિકરીના કરવામાં આવતા પ્રેમલગ્નોમાં કે વિદેશમાં થતા લગ્નમાં કાયદેસર થતા લગ્નો પ્રમાણે સમાજના લાગા તથા પરગોળ વહેવારની રકમ સભ્યોએ આપવાની રહેશે.

૨૭ લગ્નમાં મામેરૂ - મોસાળું :

૨૭.૧ ભાણેજ અથવા ભાણીનાં પ્રથમ લગ્ન પ્રસંગે એક જોડી કપડાં તથા ભાણેજ અથવા ભાણીના એક જોડી કપડાં મામેરામાં આપવા.

૨૭.૨ સોનાના દાગીના નંગ ૩ (ત્રણ).

૨૭.૩ ચાંદીના દાગીના નંગ ૨ (બે).

૨૭.૪ ચાંલ્લાના રોકડા રૂપિયા ૧૦૧/- (અંકે રૂપિયા એકસો એક પુરા).

૨૭.૫ મોસાળીયા તરફથી ઉપરનાં પ્રસંગોએ તેઓની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે મામેરૂ કરી શકશે.

૨૭.૬ વરપક્ષ તરફથી કન્યાપક્ષને આપવાનાં સામાજિક વ્યવહારની(દાપાની રકમ)મોસાળ પક્ષ રૂપિયા ૧૫૦૧/- આપી શકશે. પરંતુ મોસાળ પક્ષે દાપાની આ રકમ આપવી ફરજીયાત નથી.

૨૭.૭ ભાણેજ તથા ભાણીના બીજા લગ્ન પ્રસંગેં મોસાળ પક્ષ તરફથી એક-એક જોડ કપડાં અને રૂપિયા ૫૧/- (અંક રૂપિયા એકાવન પુરા) ચાંલ્લામાં આપી શકશે.

૨૮ પરગોળ વ્યવહાર :-

૨૮.૧ બધા જ પરગણા પાસેથી રૂપિયા ૨૫૧/- (અંકે રૂપિયા બસો એકાવન પુરા) પરગોળ વહેવારની રકમ એક સરખી લેવાની રહેશે.

૨૮.૨ હાલમાં સમાજમાં આંતર જ્ઞાતિઓમાં લગ્ન કરવાનું ચલણ વધવા પામ્યુ છે. સમાજના સભ્યોના દિકરા - દિકરીઓનાં લગ્ન વણકર સમાજ સિવાયના અન્ય સમાજના દિકરા - દિકરીઓ સાથે થાય છે. આપણાં સમાજના દિકરાઓ વણકર સિવાયના સમાજની દિકરીઓ લગ્ન કરીને લાવે છે. તથા આપણી દિકરીઓ વણકર સમાજ સિવાયના અન્ય સમાજમાં લગ્ન કરીને જાય છે. આવા કેસમાં પરગોળ વહેવાર લેવાની સમાજનાં બંધારણમાં જોગવાઇ નથી. તેમ કહીને પરગોળ વ્યવહાર આપવાનો ઇન્કાર કરવામાં આવે છે. આથી હવે વણકર સમાજ સિવાયના અન્ય સમાજમાં દિકરીના લગ્ન થાય તો સામાપક્ષ પાસેથી પરગોળ વહેવાર તરીકે રૂપિયા ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) લેવાનો ઠરાવ કરવામાં આવે છે અને જો સામાપક્ષ સાથે કોઇ વ્યવહારની આપ લે કરવામાં ન આવી હોય તો દિકરીના ઘરના સભ્યએ આ પરગોળ વહેવારની રકમ તથા બંને પક્ષના લાગા સાથે આપવાની રહેશે. (સંદર્ભ તા. ૧૪-૦૮-૨૦૧૬ ની સામાન્ય સભાએ પાસ કરેલ સુધારો).

૨૮.૩ પરગોળ સાથે લગ્નમાં જાનડીઓ લાવવા બાબત :

જે વણકર સમાજનું પરગણું આપણા સમાજની જાનડીઓને લગ્ન પ્રસંગમાં પ્રવેશ આપે તે જ પરગણાની જાનડીઓને આપણા સમાજે લગ્ન પ્રસંગમાં પ્રવેશ આપવાનો રહેશે. આ કલમનું ઉલ્લંઘન કરનારને સમાજ રૂપિયા ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરી શકશે.

૨૮.૪ પરગોળ સાથેનો વ્યવહાર :

અમદાવાદ મુળગામી વણકર સમાજના જ્ઞાતિજનોનાં પુત્ર કે પુત્રી વગેરેનાં લગ્ન કે પુનઃલગ્ન સંબંધ પરગોળ સાથે કરી શકાશે. આવા કોઇપણ સંબંધ બદલ કોઇપણ પ્રકારનો દંડ લઇ શકશે નહીં. પરંતુ પરગોળ પાસેથી આપણાં મુળગામી સમાજના રિવાજ મુજબ સામાજિક વ્યવહારની જે રકમ થતી હોય તે લગ્નની સામાજિક બેઠક વખતે લેવાશે. આ રકમ સામાજિક વ્યવહારમાં જણાવેલ છે તે મુજબનો વહેવાર કરવો.

૨૮.૫ ઉપરાંત દરેક પરગોળ લગ્નસંબંધ વિગેરેમાં આપણા મુળગામી સમાજે ઠરાવેલ નીચે પ્રમાણેના લાગાની રકમ વરપક્ષ પાસેથી લેવી અને એટલીજ રકમ કન્યાપક્ષ પાસેથી લઇ સમાજમાં જમા કરાવીને તેની પહોંચ નાણામંત્રી પાસેથી મેળવી લેવી. આ તમામ રકમ સમાજમાં જમા કરાવવાની જવાબદારી કન્યાપક્ષની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | શિક્ષણ ફાળા પેટે | રૂપિયા ૧૫૦/- |
| ૨ | જ્ઞાતિ ફાળા પેટે | રૂપિયા ૧૫૦/- |
| 3 | મકાન વાડી ફાળા પેટે | રૂપિયા ૧૫૦/- |
| ૪ | ગુરૂ મંદિરના (રામાનંદિય વિષ્ણુ મંદિર) | રૂપિયા ૧૦૦/- |
| | કુલ રકમ (પાચસો પચાસ પુરા) | રૂપિયા ૫૫૦/- |

૨૯ આણા પ્રથા :-

લગ્નવિધિ પુરી થયા બાદ સમાજે ઠરાવેલ સામાજિક વ્યવહાર કાર્ય પૂરૂ કરી સત્વરે માંડવો વધાવી કન્યાનું પ્રથમ આણું ગણી જાનની સાથે વિદાય આપવી. આ આણું સાત દિવસનું ગણવું. મુહુર્ત પ્રમાણે બન્ને પક્ષે મળી સમજી કન્યાને તેડી જવા નકકી કરવું. ત્યાર પછીના આણાઓમાં ઘર અને કન્યાનાં શિક્ષણ, શારીરિક સ્થિતિ, તેમજ બીજા યોગ્ય કારણો ધ્યાનમાં લઇ ફેરફાર કરી શકશે. લગ્નના પ્રથમ આણા બાદ માત્ર બે જ પુરૂષો અથવા સ્ત્રીઓ કન્યાપક્ષને ઘેર તેડવા જવું.

30 છુટાછેડા અથવા લગ્ન વિચ્છેદનો ધારો :

પરસ્પરની સંપૂર્ણ પસંદગી કર્યા બાદ લગ્નગ્રંથીથી જોડાનાર દંપતીમાં દિવસે દિવસે છુટાછેડા વધતા જતા બનાવોથી આપણો સમાજ ચિંતિત છે. લગ્ન બાદ જો કોઇપણ પક્ષ છુટાછેડા લેવા માંગતા હોય તે બેને પક્ષે સમુજતીથી એકબીજાની અનુકુળતા પ્રમાણે સમાજની મંજુરી લીધા સિવાય છુટાછેડા લઇ શકશે, પરંતુ જો અંદરો અંદર સમજુતીથી છુટાછેડા અંગે બંને પક્ષ નિર્ણય પર ન આવી શકે તો કોઇપણ સમાજના સામાન્ય મંત્રીને વ્યાજબી કારણો દર્શાવતી અરજી સમાજની કારોબારીના સભ્યોની ભલામણ સાથે અને રૂપિયા ૨૫૧/- (અંકે રૂપિયા બસો એકાવન પુરા) ની ફી સાથે કરી શકશે. સમાજ પક્ષકારોના નિવેદનો લઇ પક્ષકારો વચ્ચે સમજાવટથી સમાધાન કરાવશે. સમાજ જે નિર્ણય લેશે તે બન્ને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

## છુટાછેડા અથવા લગ્ન વિચ્છેદની રકમ :

| ક્રમાંક | પક્ષકાર | સંતાન હોય તો (રૂપિયા) | સંતાન ન હોય તો (રૂપિયા) |
|---|---|---|---|
| ૧ | પતિ અગર તેના કુટુંબીજનો પત્નીને રાખવા ન ઇચ્છતા હોય તો | ૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) | ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) |
| ૨ | પત્ની અગર તેના કુટુંબીજનો સંબંધ રાખવા ન ઇચ્છતા હોય તો | ૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) | ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) |
| 3 | બંને પક્ષ છુટાછેડા ઇચ્છતા હોય તો | ૧૦૦૧/- (અંકે રૂપિયા એક હજાર એક પુરા) | ૧૦૦૧/- (અંકે રૂપિયા એક હજાર પુરા) |

30.૧ છુટાછેડા માટે કોઇપણ પક્ષ હઠાગ્રહથી અથવા બીજા કારણોથી છુટાછેડા માટે રૂપિયા ૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) સુધીની રકમથી વધારે રકમ નકકી કરી શકશે નહીં. તેમજ બન્ને પક્ષોની સંમતિ વગર છુટાછેડા લઇ શકશે નહીં.

30.૨ છુટાછેડા બાદ જો બાળક હોય તો સાત વર્ષની ઉંમર થાય ત્યાં સુધી બાળક માતા પાસે રાખવું. કન્યાપક્ષે પોતાના ખર્ચે પોતાની જવાબદારી સમજી બાળકની દેખરેખ રાખવી, પરંતુ કન્યાની આર્થિક સ્થિતી અનુસાર સમાજ આ બાબતે યોગ્ય નિર્ણય કરશે.

30.3 છુટાછેડા યા લગ્ન વિચ્છેદ માટે સમાજના ઠરાવ કરતાં કોઇપણ પક્ષે વધુ રકમ લીધી હશે અગર સમાજના નિયમોનો ભંગ કર્યો હશે તો તેઓ દંડને પાત્ર થશે.

30.૪ ૪૦ વર્ષથી વધુ ઉંમરના કોઇપણ સ્ત્રી કે પુરૂષ છુટાછેડા યા લગ્ન વિચ્છેદ લઇ શકશે નહીં. છુટાછેડા માટે જે રકમ લગ્ન થયા તે વખતે આપી હશે તે રકમ કન્યાપક્ષે વરપક્ષને આપવાની રહેશે. નામદાર કોર્ટ કચેરીથી છુટા થનાર પક્ષકારો અંગે સમાજની કોઇ જવાબદારી રહેશે નહીં.

૩૧ પુનઃ લગ્ન :

૩૧.૧ પુનઃલગ્ન માટેની જાનમાં ફક્ત ૫૦ (ફક્ત પચાસ) વ્યકિતઓ જઇ શકશે. જાનૈયાઓને સુંદર સ્વચ્છ મિષ્ઠાન સહિતનું જમણ આપવું. રાતના દશ વાગ્યા સુધીમાં પુનઃલગ્ન વિધિ તથા સામાજિક વ્યવહાર વગેરે પુરા કરી કન્યાને જાનની સાથે વિદાય આપવી.

૩૧.૨ વરપક્ષ તરફથી કન્યાપક્ષને આપવાના થતા વ્યવહારો :
(૧) કન્યા માટે જોડ કપડાં (૨) યથાશકિત દાગીના (૩) આ દાગીના ઉપર વરપક્ષનો હકક રહેશે.
નોંધ : સંતાનવાળી કન્યા માટે કુલ ૨૬૭૦/- (અંકે રૂપિયા બે હજાર સિત્તેર પુરા) નો વ્યવહાર કરવાનો રહેશે.

| ક્રમ નંબર | વ્યવહારની વિગત | નિસંતાન | સંતાન |
|---|---|---|---|
| ૧ | સામાજિક વ્યવહાર | ૨૫૦૦/- | ૨૦૦૦/- |
| ૨ | શિક્ષણ ફાળા પેટે | ૧૫૦/- | ૧૫૦/- |
| ૩ | જ્ઞાતિફાળા પેટે | ૧૫૦/- | ૧૫૦/- |
| ૪ | મકાન વાડી ફાળા પેટે | ૧૫૦/- | ૧૫૦/- |
| ૫ | ગુરૂ મંદિરના (રામાનંદિય વિષ્ણુ મંદિર) | ૧૦૦/- | ૧૦૦/- |
| ૬ | મેળાઇના | ૫૦/- | ૫૦/- |
| ૭ | બ્રાહ્મણને વિધિના | ૨૦/- | ૨૦/- |
| ૮ | ગામ વસ્તપંચના | ૫૦/- | ૫૦/- |
| | કુલ રકમ | ૩૧૭૦/- | ૨૬૭૦/- |

૩૧.૩ કન્યાપક્ષ તરફથી વરપક્ષને આપવાના તથા વ્યવહારોઃ

| ક્રમ નંબર | વ્યવહારની વિગત | રૂપિયા |
|---|---|---|
| ૧ | વરપક્ષને પહેરામણીના | ૧૦૧/- |
| ૧ | શિક્ષણ ફાળા પેટે | ૧૫૦/- |
| ૨ | જ્ઞાતિફાળા પેટે | ૧૫૦/- |
| ૩ | મકાન વાડી ફાળા પેટે | ૧૫૦/- |
| ૪ | ગુરૂ મંદિરના (રામાનંદિય વિષ્ણુ મંદિર) | ૧૦૦/- |
| ૫ | મેળાઇના | ૫૦/- |
| | કુલ રકમ (અંકે સાતસો એક પુરા) | ૭૦૧/- |

૩૧.૪ પુનઃલગ્ન સંબંધમાં સામાજિક વ્યવહારમાં પરગોળની રકમ રૂપિયા ૨૫૧/- (અંકે રૂપિયા બસો એકાવન પુરા) લઇ સમાજમાં જમા કરી પહોંચ મેળવી લેવી. આ રમક જમા કરાવવાની જવાબદારી કન્યાપક્ષની રહેશે. કન્યાને સાસરીયે મોકલ્યા પછી બે પુરૂષોએ અથવા સ્ત્રીઓએ મુહુર્ત અનુસાર કન્યાને તેડી લાવવી.

૩૨ સીમંત વ્યવહાર પ્રથા :

૩૨.૧ શાસ્ત્રોકતવિધિ અનુસાર સીમંતોનયન સંસ્કારવિધિ કરવી. સીમંત વ્યવહાર કરવા બન્ને પક્ષની સંમતી હોય તો જ સીમંત વહેવાર કરવો.

૩૨.૨ કન્યાના પિતા પોતાની દિકરી માટે ૧ (એક જોડ કપડાં, ૩ (ત્રણ) સોનાના દાગીના અને ૨ (બે) ચાંદીના દાગીના મળી કુલ પાંચ દાગીના પોતાની આર્થિક યથાશકિત મુજબ આપી શકશે.

૩૨.૩ કન્યાના પિતા પોતાની દિકરીને તેઓની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ અનુસાર મામેરૂ આપી શકશે.

૩૨.૪ કન્યાપક્ષ તરફથી જે મામેરૂ આપવામાં આવે તેનો વરપક્ષે સહર્ષ સ્વીકાર કરવાનો રહેશે.

૩૨.૫ સીમંતના મામેરા ઉપર માત્ર કન્યાનો હકક ગણાશે.

૩૨.૬ સીમંત વ્યવહાર થયા પછી કન્યા ગુજરી જાય અગર છુટાછેડા લે તો મામેરા ઉપર તેના બાળકોનો

હકક રહેશે. બાળક હયાત ન હોય તો વરપક્ષ અને કન્યાપક્ષ અડધોઅડધો હિસ્સો મેળવશે અથવા સમાજ નકકી કરે તેટલી રકમનો હિસ્સો બન્ને પક્ષનો રહેશે.

૩૨.૭ વરપક્ષ તરફથી કન્યાપક્ષનાં પિયરમાં ભાણું અગર પ્રસાદ મોકલી શકાશે નહીં.

<u>સીમંતાના વ્યવહારો :</u>

૩૨.૮ વરપક્ષ અને કન્યાપક્ષ બન્ને પક્ષ મુળગામી સમાજના હોય તો તેઓની પાસેથી નીચેના ફાળા કે લાગા લેવાનાં રહેશે.

| ક્રમ નંબર | વ્યવહારની વિગત | રૂપિયા |
|---|---|---|
| ૧ | શિક્ષણ ફાળો | ૧૫૦/- |
| ૨ | જ્ઞાતિ ફાળો | ૧૫૦/- |
| ૩ | મકાન વાડી ફાળો | ૧૫૦/- |
| ૪ | ગુરૂ મંદિરના (રામાનંદિય વિષ્ણુ મંદિર) | ૧૦૦/- |
| ૫ | ગામ વસ્તી પંચના | ૫૦/- |
| | કુલ રકમ ( રૂપિયા છસો પુરા ) | ૬૦૦/- |

૩૨.૯ વરપક્ષ મુળગામી સમાજ સિવાય અન્ય પરગોળના હોય અને મુળગામી સમાજના કન્યાપક્ષ તરફથી મામેરૂ અન્ય પરગોળમાં લઇને જવાનો પ્રસંગ હોય ત્યારે સમાજના લાગા લેવા નહીં.

૩૨.૧૦ કન્યાપક્ષ મુળગામી સમાજ સિવાય અન્ય પરગોળના હોય અને તેઓના (કન્યાપક્ષ) તરફથી મામેરૂ મુળગામી સમાજના સભ્યને ત્યાં આવવાનું હોય તેવા પ્રસંગે બન્ને પક્ષ પાસેથી ઉપર જણાવ્યા પ્રમાણેના લાગા લેવા અને તેની પહોંચ આપવી.

૩૨.૧૧ પ્રથમ પ્રસુતિએ ભાળકનો જન્મ થાય ત્યારે વરપક્ષને ઘેર કન્યાપક્ષ તરફથી એક માણસે વધામણીના શુભ સમાચાર આપવા જવું. વધામણી લઇ આવનારને રૂપિયા ૧૦૧/- (અંકે રૂપિયા એકસો એક પુરા) વધામણીના આપવા.

૩૩ સીમંત / લગ્ન પ્રસંગના વ્યવહારો :

સમાજમા પુત્ર કે પુત્રીના લગ્ન સીમંત પ્રસંગે સગાવ્હાલા તરફથી જે સાડીઓનો વહેવાર કરવામાં આવે છે તે સદંતર બંધ કરવામાં આવે છે અને તેના બદલે રોકડ રકમ અથવા ચેકથી વહેવાર કરવા અને અવેજમાં પણ સાડીને બદલે રોકડ રકમ આપવાનું ઠરાવવામાં આવે છે.

૩૪ સામાજિક વહેવારની લાગાની રકમ સમાજમાં જમા ન કરાવવા બાબત :

અમુક ગામ વસ્તીપંચ તરફથી તેઓના મહોલ્લા ગામ વસ્તીપંચ કે વોર્ડમાં થયેલ લગ્ન, સીમંત, પુઃનલગ્ન જેવા સામાજિક વહેવારોની લાગાની રકમ સમાજના નાણામંત્રીને જમા કરાવતા નથી તેમજ ઘરઘણીને પણ આવી રકમ નાણામંત્રીને નહીં આપવા માટે દબાણ કરવામાં આવે છે ઘણાં કિસ્સઓમાં તો આવા લાગાની રકમ વસ્તીપંચ પોતાની પાસે રાખે છે અને બંધારણનો ભંગ કરે છે. આથી આવા બંધારણનો ભંગ કરવા માટે નીચેની વ્યકિતઓ બંધારણ ભંગના દોષી ગણવામાં આવશે.

૩૪.૧ જેમના ઘરે પ્રસંગ હોય તે વ્યકિત.

૩૪.૨ જે ગામ વસ્તી પંચનો સભ્ય લાગો ન આપવા માટે દબાણ કરે તે વ્યકિત.

૩૪.3 જે ગામ વસ્તીપંચ / વોર્ડપંચના આગેવાન કારોબારીના સભ્ય આવો ઉઘરાવેલો લાગો નાણામંત્રીશ્રીને પાસે જમા ન કરાવે અને લાગો પોતાની પાસે રાખે તે વ્યકિત પાસેથી સમાજ રૂપિયા ૫૦૦/- (રૂપિયા પાંચસો પુરા) સુધીનો દંડ કરી શકશે.

૩૪.૪ ચૂંટાયેલી પાંખના હોદ્દેદારો સિવાયની અન્ય કોઇ વ્યકિત સામાજિક વ્યવહારના લાગાની રકમ ઉઘરાવી શકશે નહીં અને જો આવી વ્યકિત પોતાની સત્તા ન હોવા છતાં લાગો ઉઘરાવી પોતાની પાસે રાખશે તો તે વ્યકિતએ સમાજના બંધારણનો ભંગ કર્યો છે તેમ ગણી સમાજ તેઓને રૂપિયા ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) સુધીનો દંડ કરી શકશે. તેમજ આવી વ્યકિત સમાજનાં કોઇપણ હોદ્દા માટે પાંચ વર્ષ સુધી ઉમેદવારી કરી શકશે નહીં અને સમાજની કોઇપણ મિટીંગમાં પાંચ વર્ષ સુધી ભાગ લઇ શકશે નહીં.

૩૪.૫ જે કોઇ સમાજના સભ્યને ઉપરોકત ગુન્હો કર્યો હશે અને જો તે સભ્ય દંડની રકમ આપવાનો ઇન્કાર કરશે તો સમાજ સદર રકમની વસુલાત માટે તે સભ્યની સામે નામદાર કોર્ટમાં દિવાની દાવો કરી શકશે.

૩૪.૬ સમાજમાં કોર્ટ લગ્ન કે પ્રેમલગ્નોનું પ્રમાણ વધી ગયું છે અને કોર્ટલગ્ન કે પ્રેમલગ્ન કરનાર વ્યકિતના કુટુંબીઓ સમાજના લાગો આપવાનો ઇન્કાર કરે છે. આથી આવા કોર્ટલગ્ન કે પ્રેમલગ્ન કરનારનાં વ્યકિતના બન્ને કુટુંબો પાસેથી સમાજનાં બંધારણ પ્રમાણે લાગો લેવાનો ઠરાવ કરવામાં આવેલ છે.

૩૫ મૃત્યુ પ્રસંગ :

૩૫.૧ નનામી કાઢતી વખતે સગા સંબંધીઓને માટલી આપવી નહીં. જરૂર પુરતી એક કે બે માટલી રાખવી.

૩૫.૨ મરનારની પાછળ રોવુ, કુટવું, છાજિયા લેવા વિગેરે પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. તેને બદલે મરણ સમયે મૌન પાળવું, શાંતિ રાખવી તથા ભજનધુન કરવા.

૩૫.૩ મરણ સમયે પાણી - કોગળો આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

૩૫.૪ મરણ સમયે કુંવાસી વિગેરેને જે શોકની સાડીઓ પહેરાવવામાં આવતી હતી તે પ્રથા બંધ કરવામાં આવે છે, તેને બદલે કુંવાસીને રૂપિયા ૧૦/- (અંકે રૂપિયા દસ પુરા) શોકના આપવા તેમજ કુંવાસીને નાના - મોટા વાસણો આપવા નહીં. આ પ્રથા આપણા મુળગામી સમાજમાં નથી.

૩૫.૫ મરણ પ્રસંગે સગા સંબંધી દ્વારા થાળી પેટે આપવાની તથા લેવાની રકમની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

૩૫.૬ બેસણાં વખતે સ્વર્ગસ્થને માત્ર શ્રદ્ધાંજલી આપવી.

૩૫.૭ મરણ પાછળ સુતક અને માશીયાની ધાર્મિક ક્રિયા સાથે જ રાખવી.

૩૫.૮ વિધવા થનાર સ્ત્રીને પિયરપક્ષે ચુડા કરવાની ક્રિયા વખતે સફેદ કપડાં જ પહેરવા માટે આપવા.

૩૫.૯ મરણ પ્રસંગે મોસાળ પક્ષ શકિત પ્રમાણે કફનકાઠીની રકમ આપી શકશે.

૩૫.૧૦ મરણ પ્રસંગે વિધવા સ્ત્રી / દિકરીને ફ્લેટના મહોલ્લાના દરવાજા આગળ જે કપડાં બદલવાની ક્રિયા કરવામાં આવે છે તે તેના ઘરમાં જ કપડાં બદલાવવા, જાહેરમાં આ ક્રિયા કરવી નહીં.

૩૫.૧૧ પુરૂષના અવસાન પછી તે જ દિવસે વિધવા સ્ત્રીને જે શણગાર પહેરાવવામાં આવે છે તે શણગાર તે દિવસ પુરતો જ રાખવો.

૩૫.૧૨ મરણ પછીના પ્રથમ તહેવાર કે મહિના પછી મૃતકના ઘરે શોક દર્શાવવા જવું નહી. આ પ્રથા બંધ કરવામાં આવે છે.

તારીખ : ૧૨-૧૨-૨૦૧૭
અમદાવાદ